**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**


છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Ma from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧.


### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## ✲ અનુક્રમણિકા ✲


| | | |
|---|---|---|
| અભિનંદન અને આશીર્વાદ | મા સર્વેશ્વરી | ૩ |
| દેવતાનું દર્શન | શ્રી યોગેશ્વર | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| અક્ષરદેહની અર્ચનયાત્રા | જ્યોત્સ્ના ભરતકુમાર ત્રિવેદી | ૧૦ |
| 'પ્રકાશના પંથે' ગ્રંથનું પ્રકાશન પર્વ | ડો. બી. જે. જાગાણી | ૧૮ |
| શ્રીવિષ્ણુસહસ્ર સમશ્લોકી | શ્રી યોગેશ્વરજી | ૨૮ |
| શ્રી મા અને શિષ્ય પરિવાર (૮) | પ્રો. અરુણિકા મનોજ દરૂ | ૨૯ |
| પનામાના હરિકૃષ્ણ મંદિરની યાત્રા | સુરેશભાઇ શાહ | ૩૭ |
| Amazing effects of Maa's satsang on students world | – | ૪૦ |
| સત્સંગના સંસ્પર્શથી જાગતું પનામાનું વિદ્યાર્થી જગત | નારાયણ હ. જાની | ૪૩ |
| મોરલી વાગે જીવન જાગે | ડો. પ્રકાશ ગજ્જર | ૪૭ |
| પૂજ્ય યોગેશ્વરજીદ્વારા રચાયેલ રામચરિત માનસનું રસદર્શન—૭ | નિર્ભયરામ કા. વૈષ્ણવ | ૫૫ |
| પૂ. શ્રી યોગેશ્વરજીની અમૃતવાણી પુરુષોત્તમયોગ | શ્રી યોગેશ્વરજી | ૬૧ |


○

### ● નાથવચનામૃત ●

પુરુષાર્થને વશ પ્રારબ્ધ છે, અર્થાત્ પ્રારબ્ધનો બાપ પુરુષાર્થ છે. જીવ જેવો પુરુષાર્થ કરે છે તેવું પ્રારબ્ધ તે બાંધે છે. પુરુષાર્થ ઇચ્છિત કામના પ્રમાણમાં હોવો જોઇએ એટલું જ નહિ, પણ તે યોગ્ય હોવો જોઇએ. જ્યાં જ્યાં આપણે પુરુષાર્થ કર્યા છતાં ઇચ્છિત ફળસિદ્ધિ જોતા નથી વા હાનિ જોવામાં આવે છે ત્યાં ત્યાં કાંતો તે પુરુષાર્થ જોઇએ તેટલા બળવાળો હોતો નથી વા જેવો ઘટે તેવો હોતો નથી, વા વિપરીત હોય છે. **—નાથભગવાન્**

## ❋ અભિનંદન અને આશીર્વાદ ❋

શ્રી યોગેશ્વર પ્રભુના જીવનના પ્રથમ ભક્ત સેવક યજમાન બનીને આંગણે આવકારવાનું પરમ ભાગ્ય પ્રાપ્ત કરનાર શ્રી નારાયણની જીવનસંગિની, શ્રી નારાયણની કલમની પ્રેરણા દેવી, સિદ્ધ સંત શ્રી ગોપાલાનંદ સ્વામીની કુળ—દીવડી—શ્રી સરસ્વતીબેન આપે જાની કુળે પધારી સંતાનોને ધર્મનાં પીયૂષ પાયાં છે. આપે ગૃહસ્થ જીવનની સર્વોત્તમ પગદંડી પ્રગટાવી છે. આપના પરમ પવિત્ર પતિવ્રતા જીવનને સૌના વંદન.

આ અંક રાજુ, પિનાકીન, અજય અને જ્યોત્સ્ના આપના ચરણે ઋણમુક્તિનું એક પુષ્પ ધરી રહ્યાં છે. તે સ્વીકારી આશીર્વાદ આપો.

—મા



# દેવતાનું દર્શન

શ્રી યોગેશ્વર

દેવતાઓ જે રૂપમાં આપણી પાસે આવે છે તે રૂપમાં આપણે તેમને નથી પૂજતા; પરંતુ તેમની પથ્થરની પ્રતિમાઓને પૂજીએ છીએ : એવી પાંગળી આપણી પૂજા છે!

ઉત્તમોત્તમ ને ફોરમવંતા ફૂલોથી આપણે તેમને શણગારીએ છીએ ને તેમના શરીરે સુગંધિત પદાર્થો ને અત્તર લગાડીએ છીએ. પરંતુ આપણા પથપ્રદર્શક થઈને જ આપણા માર્ગને સાફ કરવામાં આવે છે, એમનું અપમાન કરીએ છીએ ને કેટલીક વાર એમને અપશબ્દો પણ કહીએ છીએ : એવી પાંગળી આપણી પૂજા છે!

વરસોની ઉપાસનાને અંતે પણ તે હાલતા નથી, અને એક અક્ષરે બોલતા નથી; છતાં પણ અચળ શ્રદ્ધાને ધારણ કરીને આપણે તેમની પૂજા કરીએ છીએ; પરંતુ અમૃતનો વરસાદ વરસાવીને, વહાલથી ભરેલાં વચને આપણી અશુદ્ધિનો અંત આણવા જે તન તોડીને મહેનત કરે છે, એમની આપણે અવગણના કરીએ છીએ, એમનો સત્કાર પણ કરતાં નથીઃ એવી પાંગળી આપણી પૂજા છે!

જે આપણી સામે, સાથે ને આજુબાજુ જ રહે છે, એમની તરફ આપણે જોતા પણ નથી; જે આપણે માટે આંસુ સારે છે, મહેનત કરે છે ને બલિદાન બને છે, એમને આપણે ઓળખતા પણ નથી; ને દૂરના દેવને પૂજીએ છીએ. આવી આંધળી આપણી આરાધના છે!

એક યુવકને જગદંબા પ્રત્યે પુષ્કળ પ્રેમ હતો. એ જગદંબાની ઉપાસના કરતો. એને જગદંબાના સાક્ષાત્ દર્શનના આનંદાનુભવની આકાંક્ષા જાગી. એથી પ્રેરાઇને એ એકાંત અરણ્યમાં આવેલા દેવમંદિરે ગયો, અને અનશન આરંભીને આરાધનામાં બેઠો. એકાદ અઠવાડિયામાં એનું શરીર સૂકાઇ ગયું અને નિર્બળ બન્યું. એને ઘોર નિરાશા, ચિંતા અને અસફળતાને પરિણામે અશ્રદ્ધા થઇ. એક દિવસ સ્વપ્નમાં એને એક સુકુમારી કન્યાએ દર્શન આપીને કહ્યું કે હું તો તારા ઘરમાં માતારૂપે વિરાજમાન છું. છતાં પણ મારી પ્રત્યે તું સારો વ્યવહાર નથી કરતો. મારું પૂરતું ધ્યાન નથી રાખતો. મને દુઃખી કરે છે, અને હવે મારા સાક્ષાત્કારની ઇચ્છા રાખે છે. મને ઓળખવાની દૈવી દૃષ્ટિની પ્રાપ્તિ તો કર. એ પછી તને સમજાશે કે હું તો તારી સાથે ને પાસે જ છું. તું જ મારાથી દૂર છે.

યુવકની આંખ ઊઘડી. એને નવી દિવ્ય દૃષ્ટિની પ્રાપ્તિ થઇ. ઘેર પહોંચીને એણે માતાની સેવા કરવા માંડી.

આપણામાંના અનેકને એવી રીતે પરમ દેવ પરમાત્માના દર્શનની ઇચ્છા થઇ આવે છે. પરંતુ આપણી સમીપમાં અને આજુબાજુએ પરમ દેવતાનો જે પવિત્ર પ્રકાશ પથરાયેલો છે એને પેખવાનો પ્રયત્ન આપણે ભાગ્યે જ કરીએ છીએ. દૃષ્ટિ બદલાય તો સૃષ્ટિ બદલાય અને સમસ્યા પણ ઉકલી જાય.

○



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૭ જાન્યુઆરી—૨૦૦૬ અંક ૪

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૨૩—૧૧—૮૧ સોમવાર, કારતક વદ બારસ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ફ્રાન્સીસકોથી ક્લોવીસ**

આજે છ કલાકની લાંબી મુસાફરી શરૂ થનાર હતી. જેથી પૂ. શ્રી છ વાગ્યે સ્નાન કરી લે છે. સાત વાગ્યે યજમાન પરિવારના બેઠકના ઓરડામાં પૂ. શ્રી સર્વેશ્વરી સાથે આવી જાય છે.

યજમાન પરિવારના સભ્યો બન્નેને પ્રણામ કરે છે, આરતી ઉતારે છે. સૌના મુખ ઉપર આનંદ જણાતો નથી. પૂ. શ્રીની વિદાય સૌને વસમી લાગી રહી છે. આંખમાં આંસુ સાથે યજમાને કહ્યું, 'ફરી ક્યારે આવશો?' અને આશા કે જેને લીધે આ પરિવારમાં આવવાનું બન્યું, તે શ્રદ્ધાળુ દિલમાં તો ગઇકાલથી જ વિરહની વેદના વરસી રહી હતી. ધ્રૂસકે ધ્રૂસકે રડવાનું અને તે પણ સંતની વિદાય સામે તે જરા આશ્ચર્ય પમાડે તેવું હતું, છતાં હૃદયની વેદના એ રીતે વ્યક્ત થતી હતી.

આ પરિવારે ખૂબ પ્રેમથી સેવા કરી. પૂ. શ્રીને સર્વ પ્રકારે સગવડ મળે એ દૃષ્ટિએ તેમણે ઘણો ખર્ચ પણ કર્યો હતો. સૌ માને કે પૈસા પ્રભુના છે ને પ્રભુ માટે વપરાય છે. ભાવના ખૂબ ઉંચી હતી. સૌ સાથે એક સમૂહ ફોટો લીધો. ફરી ફરી પ્રણામાંજલિ અર્પી. વિદાય લીધી. પૂ. શ્રીને ૧૦૧ ડોલર ભેટ ધર્યા. પૂ. શ્રીએ એક જ ડોલર સ્વીકાર્યો! સો ડોલર (૧૦૦ ડોલર) પાછા આપી દીધા.

અમેરિકન એરલાઇન્સમાં આજે નીકળવાનું હતું. સમયસર ગાડીઓ આવી ગઇ. આશા, અંજના, નિવેદિતાને પૂ. શ્રીએ પોતાની ગાડીમાં જ બેસાડ્યાં. સમયસર એરપોર્ટ પર આવી ગયાં. સૌએ ફરીથી વિદાય લીધી. અમેરિકન એરલાઇન્સના વિમાનમાં સીટ નં. ૬—ઇ અને એફ ઉપર ગોઠવાયાં. વળી ૬—સી અને ડી ઉપર શ્રી ઈશ્વરભાઇ અને શ્રી ભગવાનભાઇ બેઠા.

વિદાય થતાં પહેલા ગઇકાલે રાત્રે (અંજનાએ) યજમાન પરિવારની નાની દીકરીએ પૂ. શ્રી પાસે મંત્ર લીધો હતો. જેથી પૂ. શ્રીએ આજે તેને ખાસ સૂચના આપી કે નિયમિત જપ કરજો.

અમેરિકન એરલાઇન્સનું વિમાન ૩ કલાકની મુસાફરી શરૂ કરે છે. પૂ. શ્રી પોતાની માળા શરૂ કરે છે. સર્વેશ્વરી થોડી વાતો કરી નોંધ લેખન કરે છે. સાન્ફ્રાન્સીસકોથી ડલાસ નામના એરપોર્ટ ઉપર ઉતરીને બીજું પ્લેન બદલવાનું રહેશે. ડલાસ, ટેક્ષાસ રાજ્યમાં આવેલું છે. ડલાસથી અમરેલો નામના સ્થળે જવાનું ત્યાંથી ૧૨૫ માઇલ ગાડીમાં મુસાફરી કરીને ક્લોવીસ નામના સ્થળે પહોંચવાનું છે. જ્યાં પૂ. શ્રીનો બે દિવસનો કાર્યક્રમ છે. ડલાસથી અમરેલો ૧ કલાકની મુસાફરી પછી આવી ગયા. એરપોર્ટથી ઘરે આવતાં પૂ. શ્રીએ થોડી સત્સંગની વાતો કરી. જેમાં નીચેનો પ્રશ્ન ચર્ચાયો.



પ્રશ્ન : કેટલાક માને છે કે ભગવાન કૃષ્ણ નરકમાં ગયા?

પૂ. શ્રી : માનનારા ને કહેનારા જઇને જોઇ આવ્યા હશે! અને માનવ ગમે ત્યાં જાય પણ તેનો હેતુ શો છે તે મહત્ત્વની વાત છે. જેમ કે ન્યુ થીયેટરની દેવદાસ સીનેમા વરસો ઉપર અમે જોયેલી. જેમાં તે પાત્ર વેશ્યાને ત્યાં ગયો ને તેને સુધારી તો ફક્ત વેશ્યાને ત્યાં ગયો એ વાત જ ન જોતા શા માટે ગયો તે વાત મહત્ત્વની છે, ને તે વિચારવાની છે.

એમ તો હું પણ એક વાર જેલમાં ગયેલો. લોકોને એ વાત સાંભળીને શો વિચાર આવે? અમે જેલ સુપરિટેન્ડન્ટના આમંત્રણને માન આપી જેલમાં ગયા. ગુનેગાર કેદીઓ સમક્ષ પ્રવચન આપવા. રાજકોટ જેલમાં જવાનું બન્યું. ત્યાં અમારું વાજતેગાજતે બેન્ડવાજા સાથે રામધૂન ગાતા ગાતા સ્વાગત કર્યું. કેદીઓ ફૂલો લઇને ઉભા હતા. અમે પ્રવચન આપ્યું. ફરી એ જ રીતે વાજતે ગાજતે વિદાય આપી. તો અમે શા માટે જેલમાં ગયા? કેદીઓને ધર્મની બે વાત કરવા. એટલે કદાચ ભગવાન શ્રીકૃષ્ણ પણ ગયા હોય નરકમાં, તો નરકમાંથી કેટલાકને સારે માર્ગે વાળવા તેમણે જવું પણ પડ્યું હોય. અથવા યમદેવતાએ તેમને આમંત્રણ પણ આપ્યું હોય કે નરકના જીવો આગળ એક—બે ધર્મની વાતો કરવા આવો.

માર્ગમાં બીજી પણ થોડી વાતો થઇ. અમરેલોથી એરપોર્ટ ૧૨૫ માઇલ, અઢી કલાકની ગાડીની મુસાફરી પછી ક્લોવીસ નામના સ્થળમાં આવી ગયા. ટાઉન એન્ડ કાઉન્ટરી મોટલમાં ઉતારો હતો. શ્રી અશોકભાઇ ભક્ત આ સ્થાનના યજમાન હતા. ઘરના સભ્યોએ ફૂલ સાથે પ્રણામ કરી સ્વાગત કર્યું. મોટલમાં આઠ ને નવ નંબરના રૂમમાં ઉતારો હતો.

હળવા નાસ્તા બાદ આજનો સત્સંગ શરૂ થયો. સવારે સાતથી મુસાફરી શરૂ થઇ તે સાંજે સાત વાગ્યે પૂરી થઇ. ૧૫૦૦ માઇલ સાન્ફ્રાન્સીસકોથી ડલાસ થાય. ડલાસથી ૫૦૦ માઇલ અમરેલો અને અમરેલોથી ૧૨૫ માઇલ ક્લોવીસ થાય. ૨૧૨૫ માઇલ દૂર આવી ગયા! થોડો થાક લાગ્યો હતો છતાં આ સ્થળમાં બે દિવસ હોવાથી પૂ. શ્રીએ સત્સંગનો કાર્યક્રમ રાખ્યો. સત્સંગ શરૂ થતાં પહેલાં શ્રી ઈશ્વરભાઇએ પોતાનું લખેલું એક ભજન પૂ. શ્રીની સૂચનાથી ગવડાવ્યું. જેના શબ્દો હતા, 'સદ્‌ગુરુ શરણે મને નિત રાખો રે...'

એ ભજન પૂરું થતાં આજે વળી પૂ. શ્રીએ 'સદ્‌ગુરુ' શબ્દ ઉપર જ પોતાનો વાર્તાલાપ શરૂ કર્યો. 'સત્' એટલે પરમાત્મા. પરમાત્મા તરફ જે લઇ જાય તે 'સદ્‌ગુરુ'. એ વ્યાખ્યા આપી પૂ. શ્રીએ ખૂબ સુંદર મનનીય વાર્તાલાપ આપ્યો. જેમાં કબીર સાહેબ ને મીરાંબાઇની વાતો કરી. વળી સર્વેશ્વરીના ત્યાગની, ગુરુભક્તિની વાતો પણ કરી. વાર્તાલાપ બાદ સર્વેશ્વરીએ પણ ગુરુ ઉપરનાં જ બે પદો ગવડાવ્યાં. કાર્યક્રમ પૂર્ણ થયો.

શ્રી અશોકભાઇના પિતાજીને આજના વાર્તાલાપથી ખૂબ સંતોષ થઇ ગયો, કારણ તેમના જીવનમાં જે અશાંતિ હતી તેનો ઉકેલ પૂ. શ્રી સાથે પ્રશ્નોત્તરીમાં મળી ગયો. તેમણે સંતોષ વ્યક્ત કરતાં કહ્યું, 'આપ જ મારી શંકા ને પ્રશ્નોના સમાધાન માટે આટલે દૂર ભારતથી આવ્યા. સત્સંગનો લાભ મળ્યો' વગેરે. તેમણે પોતાના નિયમોમાં થોડી છૂટ મૂકી હતી તે બંધ કરવાની સૂચના આપી. નિયમ પાલન થતું ન હોવાથી ભારત જવાની ઈચ્છા વ્યક્ત કરી પૂ. શ્રીએ તેમાં પણ સંમતિ આપી.

હરિઃ ૐ (ક્રમશઃ)



# અક્ષરદેહની અર્ચનયાત્રા

જ્યોત્સ્ના ભરતકુમાર ત્રિવેદી

## પ્રકાશન પર્વનો પ્રારંભ

સને ૨૦૦૩ ના સંન્નિધિ પર્વના સ્નેહયજ્ઞ પછી પ્રતિવર્ષ ડીસેમ્બર માસમાં યોગેશ્વર પરિવારને સંપૂર્ણવર્ષ એક આનંદનો કેફ રહે, તેવા ઉત્સવોનું આયોજન કરી પૂ. મા સહુ સાધકોને ન્યાલ કરી દે છે. આ વર્ષે ૨૦૦૫ ના ડીસેમ્બરમાં પણ પ્રકાશ-ના પંથેનું પ્રકાશન પર્વ યોજીને સહુને ઝંકૃત કરી દીધાં. ગ્રંથોનું પ્રકાશન અને વિમોચન એટલે તેને શણગારી રીબન બાંધીને છોડીને કરેલું અનાવરણ નહિ, વળી અક્ષરદેહનું પૂજન—અર્ચન જ નહીં, અહીં તો જાણે પ્રભુનો અક્ષરદેહ એટલે જીવંત સાક્ષાત્ પ્રભુ—તેવા ભાવથી કરાયેલ પ્રક્ષાલન, તેના દર્શનથી ધન્યતા, સ્વરથી આરતી અને સર્વ સમર્પણથી વંદના—સાધકોએ ધરી.

પ્રકાશના પંથે યોગેશ્વર પરિવારને મન પાંચમો વેદ. એ મહાગ્રંથની શોભાયાત્રાની શરૂઆત ૨૩, ડીસેમ્બરે સાંજથી જ શરૂ થઇ. સુંદર, સ્વચ્છ, પવિત્ર અને સુશોભિત શ્રી રાજુભાઇ જાનીની ગાડીમાં પ્રભુના આ અક્ષરદેહને ખૂબ ભાવથી, પ્રેમ-થી, સંકીર્તન કરી પધરાવવામાં આવ્યો. પૂજ્ય શ્રી યોગેશ્વરજી-ના સખા શ્રી નારાયણભાઇ જાનીના મસ્તકે મૂકી સ્વર્ગા-રોહણની સંપૂર્ણ પ્રદક્ષિણા કરાવી, પ્રભુના નામના જયઘોષથી વાતાવરણને ભરી દઇ, સમગ્ર વાતાવરણને તેનો સંસ્પર્શ કરાવી ગ્રંથને અમદાવાદના 'સત્યપથ' અને સરોડા પૂ. શ્રીના જન્મસ્થળની યાત્રા માટે વિદાય અપાઇ. વાતાવરણે દિવ્યતા ધારણ કરી પૂ. મા સર્વેશ્વરીના ભાવ જગતે જાણે મૂર્તિમંત

સ્વરૂપ ધારણ કર્યું. ચરમસીમાએ પહોંચેલી તે ભાવસમાધિએ પ્રભુને પ્રત્યક્ષ પ્રગટ કરી દીધા. અર્ચન, આરાધન, પ્રણામ અને સંકીર્તનના મંત્રગાનથી વિભૂષિત થયેલો તે ગ્રંથ એક અનેરી રીતે અંબાજીના સ્વર્ગારોહણથી વિદાય પામ્યો. પ્રકાશન પર્વની અનેરી ભાવસંધ્યાથી—અરે—પૂર્વ સંધ્યાએ જ આ પર્વ સહજ ઉદ્‌ઘાટિત થયું. આવનાર ઉત્સવની ઉજવણી પૂર્વે સહુ ભાવ-વિભોર બની ગયાં.

આ મહાગ્રંથ અમદાવાદના સત્યપથે તે જ રાત્રે પહોંચી ગયો. ત્યારે પણ પૂ. શ્રી માની સ્વયંસ્ફુરણાથી સ્વર્ગારોહણમાં ઉત્સવ ચાલી રહ્યો હતો. પ્રભુ દુનિયાના કોઇ પણ ખૂણામાં હોય પૂ. માથી તે ક્યાં સંતાઇ શકે? બીજે દિવસે સવારે એટલે તા. ૨૪ ડીસેમ્બરે સવારે સત્યપથથી ૧૧—૩૦ વાગે એક સુંદર સુશભિત પાલખીમાં આ ગ્રંથને પૂજન અર્ચન કરી પધરાવવામાં આવ્યો. સને ૨૦૦૪ માં જે બહેનોએ અમદાવાદથી અંબાજીની સાયકલયાત્રા કરેલી, તે સાઇકલ યાત્રી બાળાઓ તેમ જ તેમના સહાયકો તથા અન્ય બાળાઓએ પ્રણામનાં પુષ્પો, સંકીર્તનની માળા અને પદોના અભિષેકથી પ્રભુનું આરાધન કર્યું. પ્રભુના સ્વરૂપને પણ સહુએ વંદના કરી. પ્રભુનું તેજછાયા જેવું બનાવેલું સ્વરૂપ તેને શ્રી સિદ્ધાર્થભાઇની શાળાના બાળકોની સ્વર્ગારોહણ આવનારી બસમાં પધરાવવામાં આવ્યું. આ ગ્રંથની પ્રતિકૃતિ શ્રી પંકજભાઇ પરમાર્થી (જેણે આ ગ્રંથનો સર્વ પ્રકાશન ખર્ચ આપ્યો) જે આ ઉત્સવને દીપાવવા ખાસ અમેરિકાથી આવ્યા, તેમના મસ્તકે પધરાવવામાં આવ્યો. અને એ મૂળ કૃતિને પાલખીમાં પધરાવવામાં આવી. પાલખીમાં પધરાવેલો પ્રભુનો  અક્ષરદેહ સંકીર્તન અને ભજન મંત્રગાનથી



ચિન્મય બની આપણા સહુ વચ્ચે પ્રગટ પરમાત્માની એક અનુભૂતિ આપી સહુનું ભાવ જગત એકદમ પુષ્ટ કરી દીધું. એ સુશોભિત પાલખીને એક સુશોભિત ટ્રકમાં પધરાવી અને સરોડા જવા માટે સત્યપથથી વિદાય આપવામાં આવી. સરોડાના નાથ જાણે સરોડામાં અક્ષરદેહે પધાર્યા. સરોડાના ગ્રામજનોએ અને શ્રી તારાબેનના પરિવારે તેનું સામૈયું કર્યું તેનું ભવ્ય સન્માન કર્યું. પ્રભુના એ જન્મસ્થાનમાં પાલખી પધરા-વવામાં આવી ત્યાં પણ પ્રદક્ષિણા, પ્રણામ, બાવની, ધૂન, સંકીર્તન, ગરબા વગેરે સાધનોથી પ્રભુને અર્ઘ્ય ધર્યો.

આ વંદના પછી ગ્રામજનોએ અને પરિવારજનોએ સહુ સાધકોને અલ્પાહારનો પ્રસાદ ધરી પોતાની ઉષ્મા પ્રગટ કરી કૃતકૃત્યતા અનુભવી. લગભગ ૩ વાગે સરોડાથી આ યાત્રા પુનઃ અંબાજી સ્વર્ગારોહણ આવવા માટે પ્રારંભ પામી. પ્રભુ પોતે ખૂબ ધીરજવાળા. એટલે એમને પણ સહુ સાધકોની કસોટી કરવાનું સ્હેજ મન થયું. અમદાવાદ હાઈવે પર ગાડી (ટ્રક) બગડી, પણ સહુ સાધકોને કસોટીમાંથી પાર ઉતરવાનું બળ પણ શ્રી પ્રભુએ જ પૂરું પાડ્યું અને આ શિયાળાની રાત્રે દસ વાગે ટ્રક અંબાજી સ્વર્ગારોહણ આવી પહોંચ્યો.

આ વચ્ચે સાંજે છ વાગ્યે સિદ્ધાર્થભાઇની શાળાના બાળકો પૂ. યોગેશ્વર પ્રભુનું સ્વરૂપ વંદેમાતરમ્ રાગમાં મંત્રગાન કરીને લાવ્યાં. એક સુંદર વાતાવરણ સ્વર્ગારોહમાં નિર્માણ થયું. રાષ્ટ્રભક્ત પૂ. શ્રીને જાણે એક અદ્‌ભુત અનેરી અંજલિ ધરાઇ એમ લાગ્યું.

રાત્રે આગમન પામેલા એ અક્ષરદેહના સ્વાગતને કોઇ પણ ઉપમા આપી શકાય તેવું ન હતું. આંખને વાણી નથી એવી

વામણાઈની પ્રતીતિ થતી હતી. સ્વર્ગારોહણની સાધક બહેનો ૬૩ ઘડા લઈ તેમાં દીપ પ્રગટાવી (પૂ. શ્રી આપણી વચ્ચે જેટલા વર્ષો રહ્યા) તેનું ભવ્ય સામૈયું કર્યું. તો પૂ. શ્રી માએ પણ સ્નાન કરી અંતરથી અર્ઘ્ય ધરી સ્વર્ગારોહણના દ્વારે તેનું પૂજન કર્યું. પૂ. શ્રી પંડિતજીના મંત્રગાન સાથે ગંગાજળનો છંટકાવ કરી ઓવારણાં લીધાં તો શ્રી નારાયણકાકાએ સ્નાન કરી શુદ્ધ થઈ પીતાંબર પહેરી બ્રાહ્મણોચિત પૂજન કર્યું. તો સહુ સાધકભાઈઓએ કુટિયાથી દ્વારસુધી બંને બાજુ હાર બનાવી દીપ હાથમાં લઈ તે ગ્રંથની આરતી ઉતારી.

સરોડાધામથી રે પ્રભુ પોતે આવિયા રે લોલ,<br>
ઝૂકી ઝૂકી કરીએ પ્રણામ પ્રકાશ પંથ પામવા રે લોલ.

—ના સંકીર્તનથી સ્વર્ગારોહણ આખું ગૂંજી ઉઠ્યું. પણ તેનું સર્વોત્તમ દર્શન તો પૂ. શ્રી માની પ્રણામ વંદના હતી. પૂ. શ્રી માએ ગ્રંથની સન્મુખ અને પાછલા પગે ઊંધા ચાલતાં ચાલતાં સ્વર્ગારોહણના દ્વારથી તે છેક કુટિયા સુધી પ્રણામ કર્યા. પોતાના ગુરુના આ અક્ષરદેહનું અભિવાદન કર્યું. તે જોઈ સહુ ભાવવિભોર થઈ ગયાં! ગુરુદેવ પ્રભુને પૂ. શ્રી માએ અર્પેલાં પ્રણામ પુષ્પો જાણે ઉત્તમ આરાધના હતી. સહુ સાઈકલ યાત્રી બહેનોએ પણ તે રીતે સીધે સીધા જ પ્રણામ કર્યા. કુટિયાના દ્વારે પણ ફરીથી તેનું પૂજન કરવામાં આવ્યું. પાલખીને કુટિયામાં પધરાવી ત્યાં જ મૂકવામાં આવી. સહુએ શ્રદ્ધાપૂર્વક પ્રણામ અને પ્રદક્ષિણા કરી. પૂ. શ્રી માએ કહ્યું, ''પ્રભુ આજે અહીં જ છે. સહુ મૌન રહેજો. આજની રાત જેને જેટલા પ્રણામ અને આ ગ્રંથની પ્રદક્ષિણા કરવી હોય તે કરજો.'' સહુને પ્રભુને પામવાની ઝંખના હતી. પૂ. માના વચનોમાં વિશ્વાસ હતો.



બહાર હાડ થથરાવી દે તેવી ઠંડીમાં પણ સહુએ તે રાત્રિએ પ્રણામ અને પ્રદક્ષિણા કર્યા. દૃશ્ય ખૂબ ભાવુક હતું. વાતાવરણની દિવ્યતા, પવિત્રતા અને પૂ. શ્રી માની સંનિધિ અને ગુરુદેવ પ્રભુની ઉપસ્થિતિએ સહુને દ્રવિત કરી દીધાં.

તા. ૨૫ મીએ સવારે સ્વર્ગારોહણમાં પાલખીયાત્રા ફરીથી કાઢવામાં આવી. આજે બહેનોને ન મળતું સૌભાગ્ય પૂ. માએ ધરી દીધું. આજે પાલખી બહેનોના ખભે વિરાજી અને ભાઈઓએ પ્રણામ કર્યા. આ પાલખી યાત્રામાં સ્વર્ગારોહણનો કણ કણ પશુ, પંખી વૃક્ષ વલ્લરીઓ જાણે સામેલ થઈ ગયાં! પ્રણામ પ્રાર્થના અને સંકીર્તનની હેલીથી સ્વર્ગારોહણ ફરી ઝૂમી ઉઠ્યું, નાચી ઉઠ્યું, ડોલી ઉઠ્યું. ફરી પાછા પ્રભુ અક્ષરદેહે કુટિયામાં વિરાજી ગયા, જાણે સહુની પ્રદક્ષિણા—પ્રણામ વંદના સ્વીકારી પરિતૃપ્તિ પામ્યા.

## પૂર્ણાહુતિ

પૂ. મા સર્વેશ્વરીએ 'પ્રકાશના પંથે' ગ્રંથના પ્રકાશન પર્વનું (તા. ૨૫ થી ૩૦ ડીસે. સુધીનું) આયોજન પૂરું કર્યું. અંબાજીના સ્વર્ગારોહણ તીર્થને એનું સૌભાગ્ય મળ્યું. ૨૮ જેટલા વિદ્વાનો અને સાધકોએ એ ગ્રંથની મહત્તા અને જીવનમાં ઉપયોગીતાને તારવી બતાવી. પૂ. માએ આવા એક સાધનાપ્રધાન ગ્રંથને લૌકિક સ્તરે શક્ય તેટલું બહુમાન એ ભાવથી કરાવ્યું કે સાધકો એને વાંચે, વિચારે, સમજે ને જીવનમાં એનું આચરણ કરે. એમ થશે તો જ આધ્યાત્મિક પ્રગતિ શક્ય બનશે.

આમ છતાં પૂ. માને સંતોષ ના થયો. પૂ. માને થયું આ ગ્રંથને હવે ભાવવડે સન્માનીએ. એટલે શ્રીમદ્ ભાગવતની જેમ આ ગ્રંથની શોભાયાત્રા કાઢીએ. ભલે એમાં સાધકો પ. પૂ.

યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરી પ્રત્યેના પોતાના આદર ને પૂજ્યભાવને પ્રકટ કરતાં નાચે, કૂદે, તેમાં તેમની લોકલજ્જા દૂર થશે અને જોનારાઓને પણ એક અદ્‌ભુત દિવ્ય ભાવનું દર્શન થશે.

તા. ૩૧–૧૨–૦૫ ના દિવસે પ્રકાશન પર્વ પૂરું થયું. સ્વર્ગારોહણ કોઇ પણ ઉત્સવની પૂર્ણાહુતિ પછી અહીંના સ્થાન દેવતા શ્રી અંબાજી માતાનો આભાર માનવા જાય જ છે. તેમ આ વખતે પણ પાલખી લઇ એ જગદંબાનો આભાર માનવા સહુ ગયા. પણ એ આભાર નગરયાત્રાથી સંકીર્તન યાત્રાથી માન્યો. આજે સહુ બાળકો યુવાનો અને વૃદ્ધો પ્રકાશન પર્વના ભૂદેવો બન્યા હતા. કિનારીવાળી શ્વેત ધોતી અને પીળી શાલ, તો કોઇ પીતામ્બરમાં સજ્જ હતા. અને શોભાયાત્રાને કંઇક અનેરી શોભા ધરી રહ્યા હતા, તો વળી ૨૦–૨૧ જેટલી યુવાન બહેનો અંબાજીના સુવિખ્યાત ચણિયાચોળી પહેરી સતત ગરબા સંકીર્તનથી પ્રભુની વંદના કરી રહી હતી. ઢોલ નગારાં, બેંડ, મંજીરા, ચીપિયા, ખંજરી, પખવાજ સહુ વાજીંત્રો સાથે પ્રભુના નામના જયઘોષથી જાણે અંબાજીની સડકોને બોલતી કરી દીધી હતી. સહુ નાચી, કૂદી ગાઇ પ્રભુની વંદના કરતા હતા. દાંતા રોડથી અંબાજી મંદિર સુધીનો સંપૂર્ણ માર્ગ યોગેશ્વર પ્રભુમય થઇ ગયો હતો. પાલખી સહિતની એ શોભાયાત્રાનું દશ્ય ખૂબ મનોરમ હતું. તે સહભાગીનું સદ્‌ભાગ્ય હતું તો વળી પ્રેક્ષકનું પણ ધનભાગ્ય હતું.

''સૃષ્ટિમાં સહુથી ન્યારા ગુરુદેવ પ્રાણપ્યારા.'' આજે પ્રભુના બાળકો એના ન્યારા પ્રભુને જગમંચે પ્રગટાવવા ઘેલા બન્યા હતા. સતત મંત્રગાને સમગ્ર રોડના વાતાવરણને એક દિવ્યતા અર્પી હતી. વચ્ચે પૂ. શ્રી માના ઓચિંતાં દર્શને સહુને ખૂબ



ઉત્સાહિત કરી દીધા. સ્થાનદેવતા માના અંકે પહોંચી જાણે સંકીર્તને માઝા મૂકી હતી. મંદિરના દ્વાર સાડાબારે ખૂલ્યાં ત્યાંસુધી સહુએ રમઝટ બોલાવી. યુવાનો યુવતીઓ તો ઠીક પણ શાંતિભાઇ, કલ્યાણ, નારાયણકાકા, ઘોષબાબુ પણ આમાંથી બાકાત નહોતા રહ્યા. પૂ. શ્રી ચૈતન્ય મહાપ્રભુના સંકીર્તનની યાદ અપાવી એ ગૌરાંગ પ્રભુને સજીવ કરી દીધા હતા. માતાજીના ચોકમાં ગરબા અને સંકીર્તનની રમઝટે પળભર ભાદરવી પૂનમનો ધજાઉત્સવ કે નવરાત્રિના ગરબા ઉત્સવની યાદ તાજી કરાવી દીધી હતી. પૂ. શ્રી અંબામાના દ્વાર ઉઘડતાં સહુએ આંસુના અર્ઘ્યથી કૃતકૃત્ય તેનો આભાર માની, પર્વની સફળતાનો યશ પણ એ માતા ચરણે ધરી, સ્વર્ગારોહણ તરફ પાછું પ્રસ્થાન કર્યું હતું.

પાછા વળતાં પણ જતી વખતે જેટલો જ જુસ્સો રહ્યો હતો. સહુ નહોતા થાક્યા કે નહોતા મૌન બન્યા, કારણ સહુનું સંચાલક બળ પૂ. શ્રી મા હતાં. એ જ મસ્તીથી નાચતા કૂદતા પાલખીયાત્રામાં સહભાગી થઇ ધન્યતા અનુભવતા હતા. વચ્ચે સુશીલામાસી અને લાભુબહેને આવી ચોકલેટનો વરસાદ વરસાવી સહુને વધુ પ્રોત્સાહિત કર્યા. યાત્રા જ્યારે દ્વારે આવી ત્યારે કુંદનબહેન ગાંધી, લાભુબહેન અને બીજાં સર્વ લોકોએ તેની આરતી ઉતારી હતી, તો શ્રી સુશીલામાસી દમયંતિબહેન, સ્તુતિ, મીરાં સહુએ મધુર સ્વરે આરતી ઉતારી પાલખીનું સ્વાગત કર્યું હતું. પાલખીને હોલની સામે જ પધરાવવામાં આવી હતી. ફરી પાછી ગરબાની રમઝટ શરૂ થઇ. ભાઇઓ અને બહેનોએ સંકીર્તનની સમાધિમાંથી જાગ્યા પછી ફરી પાછી પાલખી કુટિયામાં પધરાવી તેને પ્રણામ અને પ્રદક્ષિણાના અર્ઘ્ય ધર્યા.

આ શોભાયાત્રા કે સંકીર્તન યાત્રા જ ન હતી. પ્રભુની પ્રત્યેક જીવે પોતાના પ્રાણથી ઉતારેલી આરતી હતી. સ્વર અને શરીરની સંયુક્ત પૂજા હતી. પૂ. માએ પણ ફોટોદ્વારા આ ક્ષણો મઢાવી લીધી હતી. પ્રકાશના પંથની પ્રકાશનયાત્રા આરંભથી પૂર્ણાહુતિ સુધી ખૂબ આનંદદાયક અને ભાવવિભોર કરનારી હતી. પૂ. માની ઉપસ્થિતિએ તેને દિવ્યતા અર્પી હતી અને અનન્યતા પામી હતી.

આ શોભાયાત્રા મહાવિદ્યાલયના દીક્ષાંત પ્રવચનની યાદ અપાવે તેવી હતી. પૂ. મા આ બધાં ભાઈબહેનોને જાણે આધ્યાત્મિક દીક્ષા દઈ રહ્યાં ન હોય એવું મનોરમ્ય આ દૃશ્ય લાગતું હતું! આ એક અનેરું દૃશ્ય હતું, જેમાં સહુનો ભાવ છતો થતો હતો.

વિચાર કરતાં જણાયું કે ભાગ્યે જ કોઈ ગ્રંથના પ્રકાશન નિમિત્તે આવી ગ્રંથના વિવિધ પાસાઓની આવરી લેતી વિદ્વાનોની ગોષ્ટી યોજાઈ હશે. તો આવી ભક્તિ–ભાવપૂર્વકની શોભાયાત્રા યોજવાનો વિચાર પણ ભાગ્યે જ કોઈને સ્ફુર્યો હશે. પૂ. માના દિલમાં પૂ. ગુરુદેવ પ્રભુપ્રત્યે જે ભક્તિભાવ ઉછાળા મારી રહ્યો છે–તેનું જાણે આ શોભાયાત્રા સાકાર સ્વરૂપ ના હોય, એમ જણાતું હતું.

ગુરુદેવ પ્રભુના અક્ષરદેહને પૃષ્ઠે પૃષ્ઠે સજીવન કરી **તે અસ્માસુ સન્તુ**ની પ્રતિજ્ઞા કરી આપણા જીવનમાં પણ પ્રભુને પ્રગટાવીએ તે જ આ પર્વની ફલશ્રુતિ. પ્રભુને પ્રાપ્ત કરવા માટે આપ જ શક્તિ આપજો. પૂ. મા કૃપા કરજો.



### પૂ. યોગેશ્વરજી રચિત

# ‘પ્રકાશના પંથે’ ગ્રંથનું પ્રકાશન પર્વ

ડૉ. બી. જે. જાગાણી

### ભવ્ય ઉજવણી–૧

છેલ્લા ત્રણ વર્ષથી ડીસેમ્બર માસમાં પૂ. માની કૃપાથી, પૂ. માની સંનિધિમાં ભક્તિ, પ્રેમ, કરુણા, શાંતિ આનંદ, પ્રસન્નતા, અધ્યાત્મ અને અનુભૂતિની લ્હાણીના વિવિધ કાર્યક્રમો યોજીને થાય છે. આ વર્ષે પણ ડીસેમ્બર ૨૪ થી ૩૧ દરમિયાન પૂ. શ્રી યોગેશ્વરજી રચિત ‘પ્રકાશના પંથે’ ગ્રંથની બીજી આવૃત્તિના વિમોચન પ્રસંગે પ્રકાશનપર્વની ઉજવણી સ્વર્ગારોહણની તીર્થ-ભૂમિ, અંબાજીમાં થઈ. આ પર્વમાં ‘પ્રકાશના પંથે’ ગ્રંથ પર કુલ ૨૮ વક્તાઓએ વિવિધ દૃષ્ટિકોણથી વક્તવ્યો આપ્યાં. વક્તાઓએ પસંદ કરેલા વિષયોમાં મુખ્યત્વે ‘પ્રકાશના પંથે’ ગ્રંથમાં પૂ. શ્રીએ કરેલી પ્રાર્થના, સાધના, અનુભૂતિઓ, પ્રકાશના પંથે ગ્રંથનું શીર્ષક, સંતસમાગમ, પ્રચ્છન્નબોધ, પૂ. શ્રીના ગુણદર્શન, સેવાકાર્યો, સાહિત્ય સેવા, પ્રેરક આત્મકથા, યાત્રાઓ, બ્રહ્મજ્ઞાનના યાત્રી, શક્તિ આરાધના, યોગ સાધના, માતૃપ્રેમ, સ્વરૂપ અને સિદ્ધિ, યોગેશ્વરજીનું અલૌકિક સર્જન એટલે પૂ. મા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

તા. ૨૪–૧૨–૨૦૦૫ ના રોજ સ્વર્ગારોહણતીર્થમાં સાંજે સ્વાગતની તૈયારી ચાલે છે. આ કોના સ્વાગતની તૈયારી હતી? પૂ. શ્રીએ રચેલો ગ્રંથ–‘પ્રકાશના પંથે’ સત્યપથથી સરોડા થઈને સ્વર્ગારોહણતીર્થમાં પોથીયાત્રા સ્વરૂપે આવવાનો હતો.

તેની તૈયારી હતી. સ્વાગત માટે બનાવેલું બેનર જ સર્વકાંઇ કહી જાય છે. 'સ્વર્ગારોહણના ભક્તો ને ભગવાન, પક્ષીઓ ને પુષ્પો, વૃક્ષો ને વલ્લરી, ભૂમિ અને ભવન, આપને સ્નેહથી સન્માને છે. અંતરથી આવકારે છે.'

મંડપ, શમિયાણો, બેઠક વ્યવસ્થામાં કોઇ કચાશ નથી. પૂ. માની આજ્ઞાથી આખા શમિયાણામાં ગંગાજળનો છંટકાવ થાય છે. સર્વકાંઇ પવિત્ર જ જોઇએ. પવિત્ર ભાવો, પવિત્ર ધરા, પવિત્ર ગંગાજળ, પવિત્ર દૃષ્ટિ, પવિત્ર શ્રવણ અને સર્વકાંઇ પવિત્રથી સર્વોચ્ચ પવિત્રનું સ્વાગત ને સન્માન થાય તે જ એક લક્ષ્ય છે.

સ્વાગત અને વધામણા માટે ૬૩ બહેનો સુશોભિત કરેલા ગરબાઓ લઇને ઊભી છે. ૐ યોગેશ્વરાય નમઃના મંત્રથી સંકીર્તન થાય છે. વૃક્ષો અને વલ્લરીને ઇલેક્ટ્રિક લાઇટથી શણગારી છે. ધજા ને પતાકાઓથી આખુંય સ્વર્ગારોહણ શણગારાયું છે. કોઇ મહાપુરુષના સ્વાગતની જાણે રાહ જોવાઇ રહી ના હોય?

સુંદર મજાની પાલખીમાં 'પ્રકાશના પંથે' ગ્રંથ છે. ફૂલહારથી શણગારેલી પાલખી પૂ. શ્રીના અક્ષરદેહનેય પૂર્ણપણે સન્માની રહી છે. ભક્તો સંકીર્તન સાથે સત્યપથથી પ્રસ્થાન કરી સરોડા થઇ પાલખીને ટ્રકમાં સ્વર્ગારોહણ સુધી સાંજે ૯–૪૫ કલાકે લાવે છે.

પાલખી કુટિયામાં પધરાવાય છે. ૧૫૦ કિ. ગ્રા. વજનની સુંદર કોતરકામથી સુશોભિત બનેલી આ પાલખી એટલી સુંદર છે કે એને જોયાં જ કરીએ.

રાતના ભોજનબાદ કેટલાક સાધકો પૂ. માની ઇચ્છા મુજબ



કુટિયામાં પ્રણામ અને પ્રદક્ષિણા કરે છે. યુવાભક્ત બહેનો ને ભાઇઓ સ્ટેજપર પૂ. શ્રીની બેઠક અને પૂ. માની બેઠકને સરસ રીતે ફૂલોથી સજાવવામાં વ્યસ્ત બને છે.

તા. ૨૫–૧૨–૨૦૦૫ ની પ્રભાતે ગુરુબાવનીના ગાન પછી સમૂહમાં પ્રણામ–પૂજા થાય છે. કેસેટના સંગીત સાથે અર્ધો કલાક પ્રણામ થાય છે. પૂ. માની ઉપસ્થિતિ છે. પૂ. મા પણ ભાવ ને તન્મયતાથી પ્રણામ પૂજા કરે છે. ભક્તો એ દૃશ્ય જોઇને આનંદિત થતા ધન્યતા અનુભવે છે.

સવારે પૂ. માનું આગમન ગ્રંથવિમોચન માટે થાય છે. સર્વયોગમ્ સ્કૂલનાં બાળકો 'પ્રકાશના પંથે'ના ખાસ પ્રકારના પતાકા–ધજા સાથે મંત્રગાન કરતાં કરતાં પૂ. મા સાથે ચાલતાં ચાલતાં આવે છે. પૂ. મા સૌ સાધકોનું અભિવાદન ઝીલીને બેસી જવાની આજ્ઞા કરે છે.

નવ મંત્રગાન સાથે શ્રી ભરતકુમાર ત્રિવેદી કાર્યક્રમનું સંચાલન કરે છે. તેઓ જણાવે છે કે પ્રકાશના પંથે ગ્રંથની બીજી આવૃત્તિના વિમોચન પ્રસંગે ઉપસ્થિત રહેવા માટે યોગેશ્વર પરિવારના સૌ સાધકો ભાગ્યશાળી છે. તા. ૨૪–૧૨–૭૭ ના રોજ પ્રથમ આવૃત્તિ સુરતમાં બહાર પડેલી અને આજે ૨૮ વર્ષ પછી બીજી આવૃત્તિ બહાર પડી છે. આ ગ્રંથમાં વિચાર, ચિંતન, ધર્મ, અધ્યાત્મ, અનુભૂતિ, સાધના, પ્રાર્થના, તપ, જપ, વંદના વગેરે પર પ્રકાશ ફેંકાયો છે. એ ગ્રંથનું અનુસરણ મહત્ત્વનું છે. પૂ. શ્રીએ સૌને પ્રકાશનો પંથ બતાવ્યો છે.

આ ગ્રંથનું વિમોચન દીપ પ્રગટાવીને થાય છે. શ્રી પંડિતજી મંત્રગાન કરાવે છે. પૂ. મા, પૂ. શ્રીના સહાધ્યાયી શ્રી નારાયણભાઇ જાની, સાહિત્ય સંગમ પ્રેસના માલિક શ્રી નાનુભાઇ

નાયક, ગ્રંથને પ્રસિદ્ધ કરવા માટે નાણાકીય સહાય આપનાર શ્રી પંકજભાઇ ઈશ્વરભાઇ પરમાર્થી દીપ પ્રગટાવે છે. 'પ્રકાશના પંથે' ગ્રંથનું મોડેલ એક ખુરશીપર છે. તેની ફરતે મેઘધનુષ્ય છે, મેઘધનુષ્યની ફરતે પ્રકાશનાં કિરણો રેલાય છે. આ જોતાં સૌ કોઇને લાગે છે કે આ ગ્રંથમાંથી અંધકારમાં અટવાતા સાધકોને દિવ્યતાના કિરણોથી પગદંડી પર માર્ગ-દર્શનરૂપી પ્રકાશ રેલાય છે. શ્રી નારાયણભાઇ જાનીના હસ્તે ગ્રંથનું વિમોચન થાય છે. પૂ. માને તે ગ્રંથ અર્પણ કરાય છે. પૂ. મા આ ગ્રંથમાંનાં સ્વરૂપો સૌ સાધકોને મંચ ઉપર ઊભાં થઇને દર્શાવે છે. મંત્રગાન, સ્તુતિ, વેદોક્ત પ્રાર્થનાનું ગાન ને પૂ. માએ દર્શાવેલ ગ્રંથની વિશેષતાથી આખુંય વાતાવરણ ભક્તિમય બની જાય છે. શ્રી પંકજભાઇ ભક્ત શ્રી નાનુભાઇ નાયકનું શાલ ઓઢાડીને અભિવાદન કરે છે.

શ્રી નાનુભાઇ નાયક આ પ્રસંગે પોતાનું વક્તવ્ય આપતાં જણાવે છે કે મહાત્માઓ કરતાં પણ યોગેશ્વરજીનું સ્થાન ઊંચું છે, કારણ કે અવતાર કાર્યો કરવા જે મહાપુરુષ આવે તેને હું યોગેશ્વર કહું છું. ૨૮ વર્ષ પહેલાં આ ગ્રંથનું પ્રકાશન અમે કરેલું. એ ઘટનાને યાદ કરીને ગૌરવ અનુભવું છે. પ્રિન્ટીંગ વ્યવસાયમાં ૨૮ વર્ષના ગાળામાં ઘણા નોંધનીય ફેરફારો થયા છે. આ વિધાયક ફેરફારોની અસર આ ગ્રંથની બીજી આવૃત્તિ પર પડી છે. શ્રી પંકજભાઇએ આ ગ્રંથના પ્રકાશનમાં મદદ કરી તે માટે અભિનંદન આપું છું.

સુરતમાં એક કાર્યક્રમમાં પૂ. શ્રી યોગેશ્વરજીને આત્મકથા લખવા પ્રાર્થના કરેલી. પૂ. શ્રીએ પ્રતિભાવ આપ્યો નહીં. ઘણા સમય પછી પૂ. શ્રીએ પરમશક્તિની પ્રેરણાથી આ ગ્રંથ લખ્યો. પ્રેરણા થઇ એટલે પૂ. શ્રીએ પ્રકાશના પંથ તરફની ખોજ માટે



ગ્રંથને સાકાર—સ્વરૂપ આપ્યું. આ ગ્રંથમાં પરમાત્માને પામવા-ની શોધ—ખોજના વિચારો ને અનુભૂતિઓનો ભંડાર છે.

પૂ. શ્રી જન્મ્યા સરોડા જેવાં નાનકડા ગામમાં અને સાધના કરી હિમાલયમાં. વાચન, મનન અને મંથનથી વિશ્વવંદ્ય બન્યા. બાળ યોગેશ્વર મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચતા અને એવા મહાન થવાની મહત્ત્વાકાંક્ષા સેવતા, પોતાના પૂર્વજન્મની નિષ્ઠાપૂર્વકની શોધ પ્રાર્થનાદ્વારા કરી. જ્ઞાનયોગની આ કથા રોમાંચક છે. ભક્તિ, કર્મ, સેવા, જ્ઞાન, પ્રેમયોગ, વૈરાગ્ય, અધ્યાત્મ ને એવાં એવાં ક્ષેત્રો પર વર્તમાન જમાનાને અનુરૂપ પ્રકાશ પાડ્યો છે. પૂ. શ્રીએ પાતંજલ યોગદર્શન ગ્રંથને પચાવ્યો છે. એટલે જ પૂ. શ્રીના જીવનમાં સર્વ પ્રયોગોની અનુભૂતિ જોઇ શકાય છે. વિચાર અને આચારમાં કોઇ અંતર જણાતું નથી. પૂ. શ્રીને પરમશક્તિના આશીર્વાદ મળે છે ને સતત સંનિધિ મળે છે. આ તબક્કે પૂ. શ્રીની સાધના પૂર્ણ થાય છે.

આ ગ્રંથની બીજી આવૃત્તિમાં પૂ. શ્રી યોગેશ્વરજીએ લખેલ 'મા સર્વેશ્વરી એક પરિચય' લેખને પણ પ્રસિદ્ધ કર્યો છે. પૂ. શ્રીએ વિદેશની યાત્રાઓ કરી તેમાંની કેટલીકને 'સમંદરને પેલે પાર' સ્વરૂપે આ ગ્રંથમાં સમાવવામાં આવી છે. આમ પ્રકાશનો પંથ વણ અટક્યો, પૂ. માદ્વારા આગળ વધે છે.

આ બધું પૂ. માએ યોગતીર્થમાં આગવી સૂઝથી મૂક્યું છે ને તેનાં શીર્ષકો પણ અદ્ભુત સૂઝ—બૂઝપૂર્વક મૂક્યાં છે. ગુજ-રાતમાં મહાપુરુષોના જીવન પર પ્રકાશ પાડનારાં મ્યુઝિયમ મેં ઘણાં જોયાં છે, પણ યોગતીર્થમાં જે પ્રકારે પૂ. માએ પૂ. શ્રીના જીવનને દૃશ્યમાન બનાવ્યું છે તે સર્વોત્તમ છે, એમ કહું તો ખોટું નથી.

'મા' શબ્દમાં કરુણા, પ્રેમ, ત્યાગની ભાવના રહેલી છે. પૂ. મા સાથે ૩૦—૩૫ વર્ષથી પરિચય છે એટલે પ્રાર્થના છે કે તેઓ પોતાના જીવનની કથારૂપી પ્રકાશના પંથેની આત્મકથાને આગળ વધારે. પૂર્વના મહાન આત્માઓ જન્મે છે સામાન્ય માનવની જેમ યોગ અને જીવન સાધનાદ્વારા મહાનતા પ્રાપ્ત કરે છે અને જીવન ઉજાળે છે. પૂ. શ્રી મા પૂ. શ્રીના કાર્યને આગળ વધારતાં રહ્યાં છે. પૂ. શ્રી માએ યોગેશ્વરજીને ઝળહળતા કર્યા છે. આ સ્વર્ગારોહણ તીર્થસ્થાન એક દિવસ ભારતભરનું ધ્યાન ખેંચશે એમ મને લાગે છે.

આ ગ્રંથ, અને પૂ. શ્રી રચિત બીજા મોટા ગ્રંથો જેવા કે બ્રહ્મ-સૂત્ર, ગીતાદર્શન, ભાગવત, યોગદર્શન—ને ગુજરાતી સિવાય-ની અન્ય ભાષામાં પ્રસિદ્ધ કરવાનો પ્રયાસ પણ કરવો જોઇએ.

આ ગ્રંથના પ્રકાશન માટે ઉપયોગી થનાર સાધક બહેન શ્રી પ્રગતિબેન તથા રેખાબેનનો આભાર વ્યક્ત કરી શ્રી નાનુભાઇ પોતાનું વક્તવ્ય પૂર્ણ કરે છે. પૂ. શ્રીએ શરીર છોડ્યું ત્યારે જે છેલ્લું વાક્ય બોલ્યા હતા તેને 'જે જીવ જયાંથી આવે છે ત્યાં જ પાછો જાય છે.' યાદ કરે છે અને પૂ. શ્રીની શક્તિનો પરિચય આપે છે.

શ્રી નારાયણભાઇ જાની પણ આ ગ્રંથના વિમોચન પ્રસંગે વક્તવ્ય આપતા જણાવે છે કે મારું સદ્‌ભાગ્ય એ રહ્યું છે કે 'પ્રકાશના પંથે' ગ્રંથમાં પૂ. શ્રીએ જે સાધનાનું વર્ણન કર્યું છે, જગદંબાના દર્શન માટે જે પ્રાર્થનાઓ કરી છે ને ભાવો વહાવ્યા છે, તેનું અમે પ્રત્યક્ષદર્શન કર્યું છે. પૂ. શ્રીએ આ ગ્રંથમાં કંડારેલો પ્રભુપ્રાપ્તિનો જે માર્ગ છે તેનાથી બીજો સારો અને સરલ માર્ગ નહીં મળે. પ્રભુપ્રાપ્તિ માટે તેઓનો તલસાટ એવો હતો કે શ્રી રામકૃષ્ણદેવની બીજી આવૃત્તિ જ જોઇ લો.



સામાન્ય માણસની જેમ જન્મીને પ્રકાશના પંથેની આખી યાત્રા પૂ. શ્રીએ એકલે હાથે કોઇ માર્ગદર્શક વિના ખેડી અને આ ગ્રંથ આપણને આપ્યો. પૂ. શ્રી કહેતા કે અમે બતાવેલા માર્ગે કોઇ ચાલશે તો તેને પ્રભુ અવશ્ય મળશે. આ ગ્રંથમાં યોગ, જ્ઞાન, ભક્તિ, કર્મનો સુભગ સમન્વય થયો છે. પૂ. શ્રીની રોજનીશી આ ગ્રંથનો પાયો છે. પૂ. શ્રી રાત્રે સૂતા ત્યારે ઘડિયાળ, પેન, કાગળ, બેટરી પાસે જ રાખતા. એટલે કોઇ પણ અનુભૂતિ થાય તે ત્યારે જ નોંધી લેતા. આવી સાધનાત્મક અનુભૂતિની ચોક્કસ નોંધો અન્ય મહાપુરુષોએ ભાગ્યે જ કરી છે. ઘણી વખત તો પૂ. શ્રી લખતા કે આ મંત્ર, કે ગીતના શબ્દો સમાધિમાં સંભળાયા છે.

શ્રી નારાયણભાઇએ કહ્યું કે અમારી મૈત્રી પૂ. શ્રી સાથે ૪૯ વર્ષ સુધી રહી અને પૂ. માનો પરિચય એ મહાપુરુષ કરાવતા ગયા એ અમારું સૌથી મોટું સદ્‌ભાગ્ય છે.

આ ગ્રંથમાં પૂ. શ્રીએ લખેલ 'મા સર્વેશ્વરી એક પરિચય' નામનું પ્રકરણ પૂ. શ્રીના હસ્તાક્ષરોમાં ઉમેરાયું છે. પૂ. મા અખબારો, નેતાઓ, પ્રસિદ્ધિથી અલિપ્ત રહે છે. પૂ. માની આધ્યાત્મિક અવસ્થા ઘણી ઊંચી છે. સાંસારિક માણસો સાથે વ્યવહાર કરવા તેઓને પોતાની આત્મસ્થ સ્થિતિમાંથી ઘણે નીચે ઉતરવું પડે છે તેવી દેહાતીત અવસ્થા છે. તો પૂ. માની કૃપા પામવા અગર તેઓને થોડાં પણ યથાર્થ સમજવા માટે આપણે આપણી ભૂમિકાએથી થોડા ઊંચે ઊઠવું જોઇએ. તેથી આપણે જાગૃત બનીએ, ચિત્તશુદ્ધિ કરીએ, રાગદ્વેષ છોડીએ. પૂ. મા કોણ છે તેનો પૂરાવો તો પૂ. શ્રીએ પોતાના હસ્તા-ક્ષરોમાં આપ્યો છે. તો વધું શું જોઇએ? પૂ. શ્રીની કઠોર

સાધનાના પરિણામે તો પૂ. મા આપણને પ્રાપ્ત થયાં છે.

આ પ્રકાશના પંથ સિવાય બીજો કોઇ ઉત્તમ પંથ નથી. પૂ. માનું જીવન જોતાં જણાય છે કે ૨૮ વર્ષ પહેલાં આ ગ્રંથનું જ્યારે વિમોચન થયું ત્યારે પૂ. મા શ્રોતાઓમાં બેઠાં હતાં અને આજે પોતાની સાધના, તપ, સમર્પણ, ત્યાગ, શરણાગતિ, પ્રેમ, મંથન, ચિંતનથી મંચપર બિરાજી, સંતપ્તોને શાંતિ ધરી રહ્યાં છે. એમનું આજનું તપ, તિતિક્ષા અને ત્યાગ જોતાં, ભવિષ્યની પેઢી કદાચ એવું માનવા તૈયાર નહીં થાય કે પૂ. મા જેવી કોઇ માનવ દેહધારી વ્યક્તિ અવતરી હોય. શ્રી નાનુભાઇ નાયક, તેમ જ શ્રી પંકજભાઇ ભક્ત આ ગ્રંથના પ્રકાશનમાં ઉપયોગી થયા તે માટે આભાર માની શ્રી નારાયણભાઇએ પોતાનું વક્તવ્ય પૂરું કર્યું.

પૂ. શ્રી મા આ પ્રસંગે આશીર્વચન આપે છે જે શ્રી અજયભાઇ કલોલા વાંચી સંભળાવે છે.

ૐ યોગેશ્વરાય નમઃ

'પ્રકાશના પંથે'ના પ્રત્યેક પૃષ્ઠે પરમપુરુષ પ્રતિષ્ઠિત થયા છે. તેમને આત્મસાત્ કરવા મથીએ. પ્રત્યેક અક્ષરે અહીં સાધનાની આરતી ઉતારી છે. તે ગ્રંથને વધાવ્યો, સન્માન્યો, મસ્તકે ચડાવ્યો. હવે એ ગ્રંથને પગલે ચાલવાનો, પવિત્રતાની પગદંડી પ્રગટાવવાનો, સાચા સર્વોત્તમ માનવ બનવાનો પુરુષાર્થ આદરીએ. હે પરમાત્મા! આપ પ્રકાશના પંથમાં પ્રગટ છો, એ સત્યને અનુભવવા દિવ્ય દૃષ્ટિ ધરો. પ્રકાશના પંથે ગ્રંથનો સંસ્પર્શ એ આપનો સંસ્પર્શ છે. એ દિવ્ય સંસ્પર્શ પામવાનો આજે આશીર્વાદ માગીએ છીએ. પ્રગટજો, પધારજો, કાયમકાજ સ્વર્ગારોહણમાં વસજો. **—મા.**



## સ્વર્ગારોહણ

પૂ. માના આશીર્વચનથી 'પ્રકાશના પંથે' ગ્રંથને સમજવાની એક નવી દૃષ્ટિ મળે છે. પૂ. શ્રીના અક્ષરદેહમાં જ પૂ. શ્રીનો વાસ છે ને એ પરમગુરુષના જ આશીર્વાદ આપણા પર ઉતરે એવી પ્રાર્થના પણ પૂ. મા કરે છે.

પૂ. શ્રી મા શ્રી પંકજભાઇ ભક્તને પણ આશીર્વાદનો પત્ર આપે છે જેનું વાચન શ્રી રાજુભાઇ જાની કરે છે. 'શ્રી પરમાર્થી આજે અહીં જ છે—પંકજભાઇના રૂપમાં. હા, પરમાર્થીની જ્ઞાન પરબડીની પરંપરા શ્રી પંકજભાઇએ જતનથી જાળવી છે. વિદેશમાં વસીને પરમાર્થીને દીપાવી રહ્યા છે. દરવર્ષે પોતાના વ્યાપારમાંથી હરિનો હિસ્સો આપે છે. આ વરસે શ્રી યોગેશ્વર હરિએ પોતાનો હિસ્સો આ પ્રકાશનના પંથમાં પ્રગટાવ્યો છે. અને જનકલ્યાણની પરબડી શ્રી પંકજભાઇ દ્વારા ગુરુભગવંતે જ માંડી છે. પરમાર્થી પરિવારનું સર્વપ્રકારે મંગલ થાઓ. દર વર્ષે એકાદ ગ્રંથ પરમાર્થી પરિવાર તરફથી પ્રાપ્ત થતો રહો એવી પ્રાર્થના. આશીર્વાદ પ્રભુના ઉતરો. —મા.'

શ્રી પંકજભાઇનું શાલ ઓઢાડીને સન્માન થાય છે. સૌ વક્તાઓને પણ પૂ. માના હસ્તે મોમેન્ટો, પુસ્તકો ને પુરસ્કાર અપાય છે. સૌ ભુદેવોને પણ પૂ. મા પોતાના વરદ હસ્તે દક્ષિણા આપે છે.

સર્વયોગમ્ સ્કૂલના બાળકો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરે છે. બપોરે ગ્રંથ વિમોચન કાર્યક્રમ પૂર્ણ થાય છે.

શ્રીમતી તરલાબેન દેસાઇ 'પ્રકાશના પંથેનું શીર્ષક' પર વક્તવ્ય આપે છે. પ્રકાશનો અર્થ સમજાવી અભિધાનાર્થ અને વ્યંજનાર્થ પણ સમજાવે છે. પ્રકાશના પંથેમાં આગિયાનો પ્રકાશ

નથી પણ કોટિ કોટિ સૂર્યનો પ્રકાશ છે. યુગો સુધી પ્રકાશવા માટે સક્ષમ છે. એમનું પ્રવચન ખૂબ મનનીય હતું. તેનો સારભાગ હવે પછી અપાશે.

### પૂ. માની આગવી સૂઝ
### જ્ઞાનગોષ્ઠિ સાથે સત્કર્મોનું સંયોજન

'પ્રકાશના પંથે'—પ્રકાશન પર્વમાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ એકલી જ્ઞાનગોષ્ઠી જ યોજી નથી, પરંતુ સાથે સાથે સત્કર્મોના અનેક યજ્ઞો જેવા કે ગરીબ બાળકોને સ્વેટર, ટોપી, આસન ભણવાની સામગ્રી, પગમાં સ્લીપર ને પ્રસાદ તો આપ્યાં. એ જ રીતે શાકભાજી ઉગાડતી ગરીબ બહેનોને—સારું બિયારણ અને ખાતર ઉપરાંત, ગરમ ધાબળા, સાડલો, શેત્રંજી, કથરોટ, પ્રસાદ વગેરે પણ આપ્યાં. તે પ્રમાણે અશક્ત અને ગરીબ પરિવારોને અનાજ ઉપરાંત આ બધી વસ્તુઓ પણ ખરી. પ્રસાદ સાથે રોકડ આર્થિક સહાય પણ આપી. આ સેવા યજ્ઞમાં અનેક સાધકોનું આર્થિક પ્રદાન રહ્યું. જીવની શિવભાવે સેવા કરવાનું—લેનારને વંદન કરીને આપવાની સમજ પૂ. માએ જ દાતાઓને આપી. તેની વિગતો હવે પછી અધ્યાત્મમાં આપવામાં આવશે. નેત્રયજ્ઞ પણ યોજ્યો.

આ ઉપરાંત, તા. ૨૫ ડીસેમ્બરથી ૧ જાન્યુ. સુધીના બધા જ દિવસો માટે દરરોજ મિષ્ટાન્ન ભોજન તેમ જ રહેવાની મફત સુવિધા—દાતાઓ તથા સર્વમંગલ ટ્રસ્ટ તરફથી પ્રાપ્ત થઈ, તેની વિગતો અધ્યાત્મમાં યથાવકાશ રજુ કરતા રહીશું. જેની નોંધ લેવા વિનંતિ. (ક્રમશઃ)



# શ્રીવિષ્ણુસહસ્ર સમશ્લોકી

શ્રી યોગેશ્વરજી

શ્રી વિષ્ણુસહસ્રનામનો પાઠ ઘણાં સાધકો કરે છે. ગુજરાતીમાં તેનો અર્થ સમજાય તે માટે પૂ. યોગેશ્વરજીદ્વારા સમશ્લોકી અનુવાદિત થયેલ વિષ્ણુસહસ્રનામમાંથી દરેક અંકમાં બે શ્લોક મૂકવામાં આવશે. —તંત્રી

ૐ વિશ્વં વિષ્ણુર્વષટ્કારો ભૂતભવ્યભવત્પ્રભુઃ।
ભૂત કૃદ્ભૂતભૃદ્ભાવો ભૂતાત્મા ભૂતભાવ નઃ॥

તમે થયા છો વિશ્વરૂપ ને તમે વિશ્વમાં વ્યાપક છો,
ભૂત ભાવિ ને વર્તમાનના સ્વામી તેમ જ શાસક છો;
કર્તા સૌના, ધારણપોષણકર્તા, સત્યસ્વરૂપ તમે,
આત્મરૂપ હે સૌના સ્વામી! તમને નમીએ આજ અમે.

પૂતાત્મા પરમાત્મા ચ મુક્તાનાં પરમા ગતિઃ।
અવ્યયઃ પુરુષઃ સાક્ષી ક્ષેત્રજ્ઞોઽક્ષર એવ ચ॥

ઉદ્ધૃત કરતા શરણમાત્રથી પવિત્ર કરતા પૂર્ણ તમે,
પવિત્ર મુક્તજનોની ગતિ છો, સાક્ષી અવ્યય તેમ તમે;
પરમ પુરુષ છો, શરીરધારી, શરીરમાં વસનાર વળી,
અવિનાશી છો તમે, તમારી કૃપાથકી સૌ જાય તરી.

# મા શ્રી શારદા અને શિષ્ય પરિવાર-૮

(ગતાંકથી ચાલુ)

પ્રો. અરુણિકા મનોજ દરૂ

### અનાસક્ત મા

શ્રી મા રામેશ્વરની જાત્રાએ ગયાં ત્યારે એક માસ મદ્રાસમાં રહ્યાં હતાં. મદ્રાસમાં ઘણા ભાઇબહેનોએ તેમની પાસે દીક્ષા લીધેલી. માતાજી કોઇની પણ મદદ વગર ભક્તોને મંત્ર, જપની પ્રણાલી તથા ધ્યાનની પ્રક્રિયા વગેરે સમજાવી શકતાં. તેઓ જ્યારે મદ્રાસથી મદૂરા મીનાક્ષીદેવીનાં દર્શને ગયેલાં ત્યારે ત્યાંના મંદિરના અધિકારીઓ તેમને મળ્યા. તેમણે મંદિરનો રત્નભંડાર માતાજીને બતાવ્યો અને એ ભંડારમાંથી કંઇ લેવું હોય તો તે લેવા માટે શ્રીમાને તેમણે સૂચન કર્યું. માતાજી ખુદ લક્ષ્મી, તેમને શાની જરૂર હોય? તેમણે તો કંઇ પણ લેવાની ના પાડી. પણ રાધુને કંઇ જોઇતું હોય તો તેણી માગી લેશે એમ કહ્યું. છતાં રાધુ આ મંદિરના ભંડારમાંથી કશું પણ માગે નહીં તેમ શ્રી મા ઇચ્છતાં હતાં. એટલે તેમણે મનોમન ઠાકુરને પ્રાર્થના કરી કે રાધુના મનમાં કંઇ ઇચ્છા ન જાગે તો સારું. શ્રી માની પ્રાર્થના ફળી. રત્નભંડાર જોયા છતાં રાધુએ કંઇ જ માગ્યું નહીં.

### ભક્તો માટેના ભાવો

બેંગ્લોરમાં શ્રીરામકૃષ્ણ આશ્રમમાં અસંખ્ય લોકોએ દર્શન કર્યાં અને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. માતાજી આશીર્વાદ આપતાં પાંચ મિનિટ ઊભાં રહ્યાં. માતાજીને તેમની ભાષા આવડે નહીં તેથી તેઓ કશું બોલ્યાં નહીં, પણ શ્રીરામકૃષ્ણની છબી સામે જઇ બેઠાં. ભક્તો પણ તેમને અનુસરી ત્યાં બેઠા. આ મૌન



વ્યાખ્યાન હતું. ભક્તોને તેમાં અતિ આનંદ આવ્યો. શ્રીમાની હાજરીનો કેવો અદ્ભુત પ્રભાવ! દક્ષિણ ભારતની શ્રીમાની આ યાત્રા દરમ્યાન એમના મહિમાનો સારો એવો પ્રચાર થયો. મૌન રહીને પણ શ્રીમાએ અનેક ભક્તહૃદયોમાં સ્થાન મેળવ્યું.

રાધુ અગિયાર વર્ષની થઇ ત્યારે તેના લગ્ન પંદર વર્ષના મન્મથનાથ ચટ્ટોપાધ્યાય સાથે થયાં. એ મન્મથનાથને પણ માતાજીએ દીક્ષા આપેલી. રામકૃષ્ણાનંદની અંતિમ બીમારીના દિવસો હતા. તેમણે માતાજીનાં દર્શનની ઇચ્છા કરી. શ્રી મા પોતાના સંતાનનું મૃત્યુ શી રીતે જોઇ કે જીરવી શકે? વળી પોતે અન્ય ભક્તો સાથે ત્યાં જાય તો રોગીની સારવારમાં અડચણ આવે એટલે શ્રીમા ત્યાં ગયાં નહીં. છતાં તેમણે રામકૃષ્ણાનંદને દિવ્યદૃષ્ટિ આપી દર્શન કરાવ્યાં. તેમના મૃત્યુથી માતાજીએ કહ્યું: ''મારો શશી ચાલ્યો ગયો. મારી કમર ભાંગી ગઇ.'' એકવાર શ્રીમાએ કહેલું : ''પ્રભુ આ વખતે ધની, નિર્ધન, પંડિત મૂર્ખ બધાનો જ ઉદ્ધાર કરવા આવ્યા છે. તમે બધા તો મારા પોતાના છો. હું તમને ચાહું છું.''

કોઆલપાડામાં માતાજીની ઇચ્છાથી 'જગદંબા આશ્રમ' નામે એક નાનું મકાન આશ્રમવાસીઓએ પરમ ઉત્સાહથી જાતમહેનતે બાંધ્યું. જેથી માતાજી ગામડેથી જતાંઆવતાં ત્યાં રોકાઇ શકતાં. આ કાર્ય ભક્તો પણ તેમના પરમ પૂજનીય શ્રીમાની સગવડનો કેવો ખ્યાલ રાખતા હતા તે સૂચવે છે. સામાજિક જીવનમાં માતાજી ગામડાના સંકુચિત નિયમો સ્વીકારી લેતાં, છતાં ભક્તો સાથેના નિજી વ્યવહારમાં આવાં કૃત્તિમ બંધનો સ્વીકારતાં નહીં. બધા ભેગા બેસીને ખાઇ શકે માટે તેમણે ઠાકુરને મમરા તથા જલેબીનો પ્રસાદ ધરાવેલો.

પછી બધાને સાથે બેસી ખાતાં જોઇ શ્રીમા અતિ પ્રસન્ન થયેલાં. માતાજી પોતે માંદા પડે ત્યારે પણ સાથે રહેલા ભક્તો તથા સ્વજનોની સગવડનો વિચાર કરી પોતાની માંદગીને હાંકી કાઢીને જલદીથી સારાં થઇ જતાં.

સ્વામી પ્રેમાનંદજીના દેહાન્ત પર મર્મભેદી સ્વરે શોક કરતાં માતાજી બોલેલાં : ''પ્રભુ! એને લઇ લીધો. એ મને બહુ પ્રિય હતો. મઠની શક્તિ, ભક્તિ અને ડહાપણ મારા બાબુરામમાં મૂર્તિમંત થઇને મઠમાં ગંગાતીરે ફરતાં હતાં.'' માતાજી માટે સહુ ભક્તો સંતાન સમા હતાં. અને આ સંતાનો માટે માતાજી-ને અખૂટ વાત્સલ્યભાવ હતો તેની આ ઘટના સાક્ષી પૂરે છે.

**વિવેકાનંદને આશીર્વાદ**

શ્રી રામકૃષ્ણ પરમહંસે તેજસ્વી, શક્તિશાળી, બ્રહ્મનિષ્ઠ તપસ્વી એવા અનેક પુત્રોથી માનો ખોળો ભરી દીધો હતો. જેમણે દૈવી માતાપિતાનાં નામને સમગ્ર વિશ્વમાં આલોકિત કર્યું. તેમાં સહુ પ્રથમ નામ લેવું ઘટે નરેન્દ્ર—સ્વામી વિવેકા-નંદનું. શ્રી રામકૃષ્ણે તેમની મહાસમાધિ પહેલાં નરેન્દ્રમાં સર્વ-શક્તિ સંક્રાન્ત કરી હતી. સર્વ ભક્ત શિષ્યોની જવાબદારી તેને સોંપી તેઓ નિશ્ચિત બની ગયાં હતાં. ઠાકુરે પોતાની શક્તિને બે સ્વરૂપોમાં સંક્રમિત કરી દીધી હતી. ષોડશીપૂજા વખતે શ્રીમાની અંદર અને તેમના લીલાસંવરણ પૂર્વે સ્વામી વિવેકા-નંદની અંદર. સ્વામી વિવેકાનંદે મનુષ્યજાતિની આધ્યાત્મિક નવજાગૃતિ આણવાનું જીવનકાર્ય કર્યું. મૂર્તિદ્વારા થતી ઈશ્વર-પૂજાનો અર્થ અને હેતુ સમજ્યા પછી તેમની આધ્યાત્મિક ઉન્નતિ થઇ હતી. શિકાગોમાં મળેલી વિશ્વધર્મપરિષદમાં જવા-ની આંતરપ્રેરણા પ્રાપ્ત થયા પછી પણ સ્વામી વિવેકાનંદને મૂંઝવણ થતી હતી. છેવટે તેમણે પત્ર લખી શ્રી મા પાસે



આશીર્વાદ માગ્યા. શ્રીમાએ આપ્યા અને પછીની વાત તો જગજાહેર છે. શિકાગોમાં સ્વામીજીએ સહુનું ધ્યાન ખેંચ્યું અને ભારતીય સંસ્કૃતિનો સારા વિશ્વમાં ડંકો વગાડ્યો હતો. ત્યાર-બાદ સ્વામી વિવેકાનંદ વિશ્વવંદ્ય વિભૂતિ બન્યા.

**સ્થાન માટે આદેશ**

એકવાર ઠાકુરે સુરેન્દ્રનાથને દિવ્યદર્શન આપી આદેશ આપ્યો કે મારાં સંતાનો ભટકી રહ્યાં છે તેમને રહેવાની સગવડ આપ. ઠાકુરના આ આદેશની વાત સુરેન્દ્રનાથે નરેન્દ્રને કરી. નરેન્દ્રના અંતરમાં પણ સતત પ્રેરણા થયા કરતી હતી કે, 'એક એવું સ્થળ કે જ્યાં બધા ગુરુભાઇઓ એક સાથે રહીને શ્રી રામકૃષ્ણની ઈચ્છા પ્રમાણેનું જીવન જીવી શકે તેવી વ્યવસ્થા કરવી.' પણ પૈસાના અભાવે તેઓ ઈચ્છા પૂર્ણ કરી શકતા ન હતા. પણ ઠાકુરે તેમને 'આ બધા તને સોંપું છું. બધાની પ્રેમપૂર્વક સંભાળ રાખજે અને તેઓ ઘરે પાછાં ન જાય એ જોજે' એવી જવાબદારી સોંપી હતી. એ સમસ્યાનો ઉકેલ ઠાકુરે જ સ્વપ્નમાં સુરેન્દ્રનાથને આદેશ આપીને આણી દીધો. પ્રથમ વરાહનગર દસ રૂપિયાના ભાડાના ભૂતિયા મકાનમાં, પછી આલમબજારમાં અને ત્યાંથી બેલુડમાં મઠ સ્થપાયો. કહો કે ઠાકુરે નરેન્દ્રદ્વારા ઊભો કરાવી આપ્યો. તેથી હવે શ્રી માના સંતાનોને ભિક્ષા માટે અહીંતહીં ભટકવાની જરૂર ન રહી. જીવનનિર્વાહની ચિંતાથી મુક્ત બની જપ અને ભજન કરી, ઠાકુરના આદેશ મુજબ જીવનઘડતર કરવાની અનુકૂળતા મળી. તેથી શ્રી મા ખૂબ સંતુષ્ટ થયાં. પછી તો શ્રી રામકૃષ્ણ મિશનની પણ સ્થાપના થઇ અને તે સંસ્થા વિશ્વભરમાં વિસ્તરી. શ્રી માની કૃપાથી જે કોઇ શ્રી રામકૃષ્ણના આદેશને અનુસરે તેને માટે વિશ્વભરમાં ગમે તે સ્થળે આશ્રય મળી શકે એવી વ્યવસ્થા

થઈ. આજે પણ શ્રી માની કૃપાથી શ્રી રામકૃષ્ણના આશીર્વાદથી તેમના શિષ્યોને અન્નવસ્ત્રનો અભાવ નડતો નથી.

### ભગિની નિવેદિતા

સ્વામી વિવેકાનંદનાં પ્રમુખ શિષ્યા તે આઈરીશ યુવતી માર્ગારિટ નોબલ, જે ભગિની નિવેદિતા તરીકે વિશ્વવિખ્યાત બન્યાં. સ્વામી વિવેકાનંદે તેમને દેશમાં જાગૃતિ લાવવાના હેતુથી કન્યાકેળવણી અને તે દ્વારા મહિલા જાગૃતિનું કાર્ય સોંપ્યું હતું. અને ઉત્તર કલકત્તામાં બોઝપરા શેરીમાં ભગિની નિવેદિતાએ એક મકાન ભાડે રાખીને કામ શરૂ કર્યું હતું. તેણે કન્યાશાળાનું ઉદ્ઘાટન શ્રી મા પાસે કરાવ્યું હતું. તે જમાનામાં લોકો તે શાળાને નિવેદિતાની નિશાળ તરીકે ઓળખતા. ભગિની નિવેદિતાના મૃત્યુ પછી એનું સંચાલન રામકૃષ્ણ મિશને પોતાને હસ્તક લીધું. આ શાળા હાલમાં શ્રીરામકૃષ્ણ શારદા મિશન ભગિની નિવેદિતા કન્યા વિદ્યાલયને નામે સુપ્રસિદ્ધ છે. નિવેદિતાએ સમાજસેવાનું કાર્ય પૂરી નિષ્ઠાથી કર્યું હતું.

સ્વામી ત્રિગુણાતીતાનંદની ગુરુભક્તિનું ઉદાહરણ તો સહુને માટે ગુરુભક્તિના ઉત્તમ આદર્શરૂપ કહી શકાય એવું છે. એક વાર શ્રી મા બળદગાડીમાં કલકત્તાથી જયરામવાટી જતાં હતાં. ચાંદની રાત હતી. અંગરક્ષક તરીકે સ્વામી ત્રિગુણાતીતાનંદ ડાંગ ખભે મૂકી સાથે ચાલતા હતા. રસ્તામાં એક મોટો ખાડો આવ્યો. શ્રી મા ગાડામાં ઊંઘતાં હતાં. ગાડામાં સૂતેલી વ્યક્તિને ખાડાને કારણે જોરદાર આંચકો તો લાગે જ. પણ શ્રીમાને ઊંઘમાં ખલેલ પડે તે સ્વામી ત્રિગુણાતીતાનંદને મંજૂર ન હતું. શ્રી માને ઊંઘમાંથી ઊઠાડી નીચે ઊતરવા કહેવું પડે તે પણ સ્વામીને મંજૂર ન હતું. જો ગાડાનું પૈડું ખાડામાં પડે તો શ્રી



માને આંચકો જરૂર લાગે અને કદાચ ક્યાંક લાગે પણ ખરું. વળી શ્રી મા ઊંઘમાંથી જાગી પણ જાય. શ્રી માને સહેજ પણ કષ્ટ પડે તે સ્વામી ત્રિગુણાતીતાનંદથી શેં ખમાય? તેમણે ગાડાવાળાને ઉપાય સૂચવતાં કહ્યું : "હું ખાડામાં સૂઈ જાઉં છું તું મારા પરથી ગાડું ચલાવ. ગાડાવાળાને તેમ કરવું ઉચિત ન લાગ્યું. એ બાબતમાં બંને વચ્ચે રકઝક થવા લાગી એટલે શ્રી મા જાગી ગયાં." પરિસ્થિતિ સમજાતાં બોલ્યાં : "અરે! તારા પરથી ગાડું જાત તો મને કેટલી વેદના થાત! અને આ જંગલમાં એકલી હું શું કરત? જો આવું કદી ન કરતો."

બીજી એક વાર યોગેનમાએ એમને શ્રી મા માટે મરચાં લેવા મોકલ્યા. સાથે સૂચના આપી કે ખૂબ તીખાં મરચાં લાવજો. હવે ચાખ્યા વગર મરચાં તીખાં છે તેની ખબર કેમ પડે? ત્રણ માઈલના વિસ્તારમાં ફરી, મરચાં ચાખી ચાખી, જીભ અને મોઢું સૂઝાડીને પણ શ્રી માના આ ભક્ત શ્રી મા માટે ખૂબ તીખાં મરચાં લઈ આવ્યા.

શ્રી માના એક ભક્ત અરૂપાનંદ કોઈ કામ અંગે જયરામવાટીથી થોડે દૂર આવેલા શહેરમાં ગયા હતા. બપોરે આવી જવાના હતા, પણ કોઈ કારણસર તેમને પાછા ફરતાં સાંજ પડી ગઈ. તો પુત્રવત્સલ શ્રી મા પોતાની નાદુરસ્ત તબિયતે પણ તેમની રાહ જોતાં ભૂખ્યાં બેસી રહ્યાં. સ્વામી વ્રજેશ્વરાનંદ પગપાળા કાશી જવા માગતા હતા પણ તેમને રસ્તામાં અગવડ પડશે એ વિચારે શ્રી માએ તેમને તેમ કરવા ના કહેલી. સ્વામી મહાદેવાનંદને એક વાર વર્ષાઋતુ દરમ્યાન હલદીપુકુરથી લોટ, કેરોસીન વગેરેની ખરીદી કરવા શ્રી માએ મોકલ્યા. પાછાં ફરતાં સામાન ઊંચકવા મજૂર કરી લેજે એમ કહેવાનું શ્રી મા

ભૂલી ગયાં. એટલે સ્વામી મહાદેવાનંદે તો મજૂર કર્યો નહીં. ખરીદેલા સામાનનો ઊંચકી ન શકાય તેટલો ભારે બોજો હતો. વર્ષાઋતુને કારણે રસ્તામાં કાદવકીચડ હતો. ક્યાંક લપસણા રસ્તા હતા. સ્વામીએ જેમ તેમ કરીને બોજો તો ઊંચકી લીધો પણ પછી બોજા સાથે ચાલવામાં ખૂબ તકલીફ પડવા લાગી. તેમણે તો હૃદયથી શ્રી માનું સ્મરણ કર્યું અને તે સાથે જ અનુભવ્યું કે બોજો હળવો થઇ ગયો છે. મહાદેવાનંદ સામાન લઇ શ્રી મા પાસે આવી પહોંચ્યા. ત્યારે શ્રી મા તેમની જ ચિંતા કરતાં આંટા મારતાં હતાં. તેમને જોઇ શ્રી મા બોલ્યાં : ‘‘મારા દીકરા! તેં તો ભારે કરી! મજૂર શા માટે ન કર્યો? મેં કહ્યું ન હતું તેથી શું થઇ ગયું?’’ ભક્તની નાનીમોટી બાબત અંગે શ્રી મા કેવી ચિંતા કરતાં હતાં તે આ પ્રસંગપરથી સ્પષ્ટ થાય છે. મહાદેવાનંદ તો આ સાંભળી ગળગળા થઇ ગયા.

નાના નગેને એક વાર કોઇ અપરાધ કર્યો. એ અપરાધને કારણે સ્વામી શિવાનંદ તેને હવે મઠમાથી કાઢી મૂકશે એવો ભય તેને લાગ્યો. એટલે એને શ્રી મા સાંભર્યાં. તેને થયું ગમે તેમ કરીને શ્રી મા પાસે પહોંચું તો બચી જવાય. એટલે એ ભાઇ તો કોઇને કશું પણ કહ્યા વગર પહેરેલે કપડે સાઠમાઇલ પગે ચાલીને શ્રી મા પાસે જયરામવાટીમાં આવી પહોંચ્યા. શ્રી માએ તેની વાત સાંભળી. તેને કપડાં આપ્યાં. ખાવાનું આપ્યું. આશ્વાસન આપ્યું અને સ્વામી શિવાનંદ પર કાગળ લખાવ્યો. તેમાં ખાસ લખાવ્યું કે નગેનને વઢશો નહીં. આ પ્રસંગ પરથી શ્રી મા સહુની કેટલી કાળજી રાખતાં તે સમજાય છે, સાથે ભક્તસંતાનોને શ્રી મા પર કેવી અદ્‌ભુત શ્રદ્ધા હતી તે પણ સ્પષ્ટ થાય છે.



શ્રીરામકૃષ્ણે શ્રી માને કહ્યું હતું કે તમારે મારા કરતાં પણ વધારે કામ ભવિષ્યમાં કરવું પડશે. એ માટે તેમણે શ્રી મામાં સંકલ્પશક્તિનું બળ મૂક્યું હતું. તેથી સામાન્ય લાગતી આ અભણ સ્ત્રીશક્તિ ધીરે ધીરે, પલટાઇ જઇને શક્તિનો એક મહાન દિવ્ય સ્રોત બની ગયો હતો. ઠાકુરના લીલાસંવરણ પછી અજ્ઞાનના અંધકારમાં પીડાતા લોકોને જાગૃત કરી, જીવનનો સાચો માર્ગ બતાવવાનું શ્રી માનું કાર્ય ધીમે ધીમે શરૂ થઇ એવા વ્યાપક સ્તરે પહોંચ્યું કે કેવળ કલકત્તા જ નહીં, ભારતદેશ આખો, અરે! વિશ્વમાં પણ અનેકો એને વિસ્ફારિત નયને જોઇ રહ્યા. ઠાકુરના દેહત્યાગ પછી શ્રી માનું શક્તિસ્વરૂપ ખીલ્યું. ગુરુસ્વરૂપ વિકસતાં વિકસતાં નિર્મળ પ્રેમસ્વરૂપે માતૃસ્વરૂપની પરાકાષ્ઠાએ પહોંચી અખિલ વિશ્વને માટે વંદનીય, પ્રાતઃ-સ્મરણીય બની ગયું. (ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

### પૂ. માની સંનિધિમાં

# પનામાના હરિકૃષ્ણ મંદિરની યાત્રા

**સુરેશભાઈ શાહ, ટોરન્ટો**

પનામાની તા. ૧–૮–૦૫ થી તા. ૫–૮–૦૫ સુધીની આધ્યાત્મિક યાત્રામાં આત્મિક સુખ અને પ્રભુપ્રકાશને પંથે પગલા પાડવા અનેક યાત્રાળુઓ આવે છે. તેમાં ઉંમર, જાતિ, જ્ઞાતિ કે વર્ણનો બાધ નથી. સૌ સ્વેચ્છાથી આવે છે, ઉમંગથી આવે છે, અંતઃપ્રેરણાથી પ્રેરાઈને આવે છે. અને પાત્રતા પ્રમાણે પ્રાપ્તિની અનુભૂતિ કરે છે.

પાંચ દિવસની આ યાત્રામાં પૂ. માનાં દર્શન અને સાન્નિધ્ય-નો લાભ લેવા પનામા શહેરમાં આવેલા હરેકૃષ્ણ મંદિરના એક સાધક પણ આવેલા. પૂ. શ્રી માના હીંચકા ઉપરના આસનની બરાબર સામે ખુરશીમાં તેઓ બેસતા. ગોરો વર્ણ, ભગવાં વસ્ત્રો, મધ્યમ બાંધો, હાથમાં ગૌમુખી, શિરપર મૂંડન અને શિખાધારી ભક્ત સૌનું ધ્યાન ખેંચતા હતા. તેમની ભાષા સ્પેનીશ હશે તેવું વાતચીતમાંથી અનુમાનેલું. પૂ. શ્રી માને તેમણે પનામા–શહેરના હરેકૃષ્ણ મંદિરમાં પધારવા આમંત્રણ આપ્યું. પૂ. શ્રી મા રવિવારે તા. ૭ ઓગસ્ટે બપોરે ૧–૪૦ વાગે મંદિરના પ્રાંગણમાં પધારે છે. લાલવસ્ત્રથી અંકિત કરેલી પગદંડી ઉપર પૂ. શ્રીના સ્વરૂપ સાથે ચાલી પૂ. શ્રી મા આસન પર બિરાજમાન થાય છે.

હરેકૃષ્ણ મંદિરની પનામામાં ૧૯૭૨ માં સ્થાપના થઈ હતી. સામાન્ય રહેવાના આવાસમાં મંદિરની પ્રવૃત્તિ ચાલતી.



અત્યારે મંદિર માલીકીનું થઈ ગયું છે. મંદિરના પૂજારી અને પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે વિશ્વમાં હરેકૃષ્ણ મંદિરનાં ચારસો સેન્ટરો છે. પનામાના આ મંદિરના ઉત્કર્ષ માટે ભારતીય પ્રજાએ મોટો અને નોંધપાત્ર ફાળો આપ્યો છે. આ મંદિરમાં નિખીલેશ્વરી દેવી સૌ પ્રથમ આવ્યાં હતાં અને સૌને પ્રસાદ આપ્યો હતો. પૂ. શ્રી પ્રભુપાદ સ્વામીની પ્રતિકૃતિ છે તેની સામે જ ભગવાનની મૂર્તિઓ છે. પૂ. શ્રી માના દર્શનાર્થીઓની ભારે ભીડ જણાય છે. જગ્યાનો અભાવ છે, પણ સૌ પોતાની રીતે વ્યવસ્થા કરી લે છે.

આસન પર વિરાજી પૂ. શ્રી મા સ્લેટમાં લખી જણાવે છે કે પ. પૂ. શ્રી પ્રભુપાદ સ્વામીની મૂર્તિ બનાવનાર લોચનદાસ ભક્તને પણ પૂ. શ્રી મા મળ્યાં છે, વળી પૂ. શ્રી માએ વૃંદાવન, હરિદ્વાર અને લંડન–ઈંગ્લેન્ડમાં પણ હરેકૃષ્ણ મંદિરો-ની મુલાકાત લીધી છે.

ઈ. સ. ૧૯૮૧ માં પૂ. શ્રી માએ શ્રી પ્રભુપાદ સ્વામીની આત્મકથા વાંચી છે. તદ્ઉપરાંત પૂ. શ્રી મા લખીને જણાવે છે કે પૂ. શ્રી યોગેશ્વરજી દરેક શહેરમાં પોતાના વક્તવ્યમાં શ્રી પ્રભુ-પાદ સ્વામીના કાર્યોનો ઉલ્લેખ કરતા હતા.

પૂ. શ્રી માનું પુષ્પહારથી સ્વાગત થાય છે. મંદિરની આરતી થાય છે, આરતીબાદ પવિત્રજળનો છંટકાવ થાય છે. સૌને આરતી મળે છે, સૌને પ્રભુને ચઢાવેલ પુષ્પોમાંથી એક પુષ્પ સ્પર્શ કરવા આપવામાં આવે છે, પૂ. શ્રી માનું સ્વાગત કરતાં, પ્રવક્તા જણાવે છે, (ત્રણ ભાષામાં વક્તવ્ય કરે છે સ્પેનીશ, અંગ્રેજી અને હિન્દી.) કે સૌ સાધકો સાથે પૂ. શ્રી માના આગમનથી અમારા મંદિરને દિવ્ય વિભૂતિનો લાભ

મળ્યો છે. જ્યારે પણ પૂ. શ્રી મા પનામા પધારે ત્યારે મંદિરની મુલાકાત લઈ દર્શનનો લાભ આપે એવી વિનંતી છે.

પૂ. શ્રી માની આજ્ઞાથી પૂ. શ્રી વિષે હિન્દીભાષામાં પૂ. શ્રીનો જીવનવૃત્તાંત કહેવાય છે. સૌનો, સવિશેષ પૂ. શ્રી માનો આભાર માનતા જણાવે છે કે પનામાના હરેકૃષ્ણ મંદિરમાં રહેતા સૌ સાધકો સંપૂર્ણ શાકાહારી છે. પત્ની સાથે જ વ્યવહાર રાખે છે, દરરોજ સો માળા કરે છે અને પ્રભુમય જીવન જીવે છે.

પૂ. શ્રી મા કાર્યક્રમના અંતે હરેકૃષ્ણ મંદિરને પાંચસો એક ડોલર પૂ. શ્રી તરફથી ભેટ આપે છે અને તેનો સ્વીકાર કરવા જણાવે છે. સૌને કાર્યક્રમના અંતે પ્રસાદ આપવામાં આવે છે. પૂ. શ્રી મા હવે હરેકૃષ્ણ મંદિરેથી પનામાના બહાઈ ટેમ્પલ જવા પ્રસ્થાન કરે છે. સમગ્ર કાર્યક્રમ લગભગ એકાદ કલાકનો સમય લે છે.

★ ★ ★

નોંધ : હરેકૃષ્ણ મંદિરના સૌ પુરુષ સાધકો, ધોતી, ઝભ્ભો પરિધાન કરે છે જ્યારે સ્ત્રી સાધકો ભારતીય સાડીમાં સજ્જ હોય છે. ભારતીય સંસ્કૃતિને વિદેશમાં જોતાં ગૌરવની લાગણી અનુભવાય છે.



# Amazing effects of Maa's satsang on students world

**Payal Ahir**
**(Age : 9 years)**

**Jai Krupalu Maa,**

One day Gulabmasi said that Maa is coming and I was very very happy. I learned how to sing Bhajans, Prarthana and Pranams. I learned many new things from Maa.

I love you Maa.

★ ★ ★

**Bindu Kantu Patel**
**(Age : 19 years)**

**Om Maa Prabhu,**

The days of satsang that I came, I liked a lot. I keep thinking "Why doesn't Maa stay in Panama?" It was amazing because my heart wanted more and more days with Maa.

I took two Niyams

(1) Don't eat meat any more.

(2) Don't drink coke.

Please Maa give me strength and your Aashirwaad for the same. Maa, stop me from going in bad ways, always let me do good things.

Maa, give me the strength to not lie and make people whom I love, suffer.

At night there was satsang, I told my Mom, I want to go to the satsang and I went. I also went to attend satsang on Friday, Saturday and Sunday. One day I called my teachers for changing my class and thus I could attend the satsang from morning to evening.

On Saturday, we planned a yatra and to that day I quit eating meat and drinking coke. The next day we went for the yatra where we enjoyed a lot. It was amazing. Maa was running, laughing and walking.

I learned a lot, hope I can go for next shibir. I am very happy because I had Maa's darshan again. I was surprised to see Maa because she looks like the same Maa I had seen 5 years ago. I just want Maa to come to Panama again and have this beautiful shibir again.

★ ★ ★

**Dipti G Patel**
**Age : 19 years**

Jai Krupalu Maa,

In these 5 days of shibir, I was unfortunate to have my final exams and hence could go only on the last day. However I felt like going



to the shibir everyday.

In this satsang yatra I learned a lot. Maa talked about not eating meat, drinking coke and watching television.

Maa asked us if we would want to walk upto the entrance of the temple which was located down the hill. We said 'yes'. Maa got in the car and we started walking. To my surprise, Maa also joined us in the yatra. Maa started running and walking. It was so much fun! Maa was always laughing and happy. My experience with Maa was amazing, extra-ordinary and unforgettable.

To me, Maa is God who has come to give us strength, happiness and love. With Maa I have learned so many things about life, now we should value it, how to love, care and think about others and not be selfish.

I learned that some food we eat is not good. Deep within my heart I said "I am not going to eat meat anymore." I pray to Maa that I am not going to eat meat or eggs any more. For this decision, Maa please give me strength to not fall into temptation.

(Countinu)

સત્સંગના સંસ્પર્શથી

# જાગતું પનામાનું વિદ્યાર્થી જગત

અનુવાદ : નારાયણ હ. જાની

પાયલ આહિર
ઉમ્મર ૯ વર્ષ

**જય કૃપાલુ મા.**

એક દિવસ મને શ્રી ગુલાબમાસીએ કહ્યું કે પૂ. મા આવે છે, તે જાણી હું ખૂબ ખૂબ રાજી થઈ. ભજનો કેમ ગવાય, પ્રાર્થના શી રીતે થાય ને પ્રણામ કેમ થાય વગેરે હું પૂ. મા પાસેથી શીખી. આમ ઘણી નવી વાતો પૂ. મા પાસેથી મને જાણવા મળી.

હે મા, આપને હું પ્રેમ કરું છું.

★ ★ ★

બિન્દુ કાન્તુ પટેલ
વય ૧૯ વર્ષ

**ૐ મા પ્રભુ,**

સત્સંગના દિવસોમાં હું આવી શકી તે મને ખૂબ ગમ્યું. મને એ વિચાર આવે છે કે પૂ. મા પનામામાં શા માટે રહેતાં નથી? મારું હૃદય પૂ. માનું સાન્નિધ્ય વધુ ને વધુ દિવસો માટે ઈચ્છતું હતું, એ આશ્ચર્યકારક છે. મેં બે નિયમો લીધાઃ—

હવે પછી માંસાહારી વાનગી નહિ ખાઉં, કોક પણ નહિ પીયું.



મારા આ નિયમ હું પાળી શકું તે માટે મને જરૂરી શક્તિ ને આશીર્વાદ આપો. હું ખોટા માર્ગે ના જાઉં અને હંમેશાં સારાં કામ કરતી રહું. હે મા, મને શક્તિ આપો કે હું અસત્ય ના બોલું, જેનાથી હું જેમને ચાહું છું તેમને કોઈ દુઃખ પહોંચે.

રાત્રે પણ સત્સંગ હતો. મેં મારી માને કહ્યું કે મારે સત્સંગ-માં જવું છે, ને હું તેમાં સામેલ થઈ શકી. આ ઉપરાંત મેં શુક્ર, શનિ અને રવિવારના સત્સંગમાં પણ હાજરી આપી. એક દિવસ મેં મારા શિક્ષકોને કહ્યું કે મને ક્લાસ બદલાવી આપો, (તેઓએ તેમ કર્યું) તેથી હું સવારથી સાંજ સુધીના સત્સંગમાં હાજરી આપી શકી.

શનિવારના દિવસે (પૂ. મા સાથે) અમે એક યાત્રાનું આયોજન કર્યું. તેમાં મેં માંસાહાર અને કોકનો ત્યાગ કર્યો. બીજા દિવસે જે યાત્રા થઈ, તેમાં અમને ખૂબ મઝા પડી. પૂ. મા જે રીતે દોડતાં, હસતાં અને ચાલતાં તે જોઈને, મને આશ્ચર્ય થતું.

ખરે જ, મને ખૂબ નવું જાણવા મળ્યું. આશા રાખું છું કે હવે પછીની બીજી શિબિરમાં હું ભાગ લઈ શકું. હું એટલા માટે રાજી થઈ કે પૂ. માનાં મને બીજી વાર દર્શન થયાં. પૂ. મા પાંચ વર્ષ પહેલાં પનામા પધાર્યાં હતાં ત્યારે જેવાં લાગતાં હતાં, તેવાં જ આ વર્ષે પણ લાગે છે. પૂ. મા ફરી પનામા જલ્દી પધારે અને આવી શિબિર કરે, એવી મારી ઈચ્છા છે.

★ ★ ★

દીપ્તિ જી. પટેલ
ઉમ્મર ૧૯ વર્ષ

**જય કૃપાળુ મા**

મારી એ કમનસીબી કે શિબિરના ૫ દિવસ દરમ્યાન જ મારી છેલ્લી પરીક્ષાઓ હતી એથી હું માત્ર છેલ્લા દિવસે જ આવી શકી. એમ છતાં મને એવું લાગ્યું કે જાણે મેં પાંચે પાંચ દિવસ એ ન ભરી હોય!

આ સત્સંગ યાત્રામાંથી મને ઘણો બોધ મળ્યો. પૂ. માએ માંસાહાર ન કરવાની, કોક ન પીવાની ને ટેલિવીઝન ન જોવાની વાતો કહી.

પૂ. માએ અમને પૂછ્યું કે ટળેટીમાં આવેલ મંદિરના પ્રવેશદ્વાર સુધી પગે ચાલીને જવાનું ગમશે કે કેમ! બધાએ હા કહી. એમ લાગ્યું કે પૂ. મા ગાડીમાં બેઠાં અને અમે ચાલવા માંડ્યું. મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે પૂ. મા તો અમારી સાથે ચાલી રહ્યાં છે! પૂ. માએ તો દોડવા અને ચાલવા માંડ્યું. પૂ. માને મુક્તમને હસતાં અને આનંદમાં જોઈ, અમને ખૂબ નવાઈ લાગી. અરે, પૂ. મા સાથેનો મારો આ અનુભવ આશ્ચર્યકારક, અસામાન્ય ને કદી ન ભૂલાય તેવો રહ્યો.

મારે મન, પૂ. મા ભગવાન છે જે અમને શક્તિ, સુખ અને પ્રેમ આપવા આવ્યાં છે. જીવન વિષેની ઘણી નવી વાતો મને પૂ. મા પાસેથી શીખવા મળી—જેમાં પ્રેમ કેવી રીતે કરાય, બીજાઓની કાળજી કેમ રખાય અને માત્ર સ્વાર્થી બન્યા સિવાય, બીજાઓનાં હિત પણ કેમ વિચારાય—વગેરેનો સમાવેશ થાય છે. હવે તે વાતોનું મૂલ્ય સમજી જીવનમાં આચરણ કરવાનું રહ્યું.



મને એ જાણવા મળ્યું કે આપણે જે કેટલુંક ખાઈએ છીએ તે સારું નથી. આથી મેં હૃદયથી સંકલ્પ કર્યો કે હવે પછી હું માંસાહાર નહિ કરું. હે મા, હું આપને પ્રાર્થનાપૂર્વક જણાવું છું કે હવે કદી પણ ઈંડાં કે માંસાહાર નહિ કરું. મારી આ પ્રતિજ્ઞા હું સંપૂર્ણપણે પાળી શકું તે માટેનું જરૂરી બળ હે મા, તમે મને આપતાં રહેજો.

કેટલાક માણસો માને છે તેમ, સાધના કલાક—બે કલાક આસનપર બેસવા જેટલી મર્યાદિત નથી. અનુકૂળ સમયે સત્સંગ કરવામાં પણ એની પરિપૂર્ણતા નથી થતી. આરંભકાળમાં તે ઠીક છે, પરંતુ તે જીવનની સાથે તાણાવાણાની જેમ વણાઈને જીવનનું એક અવિભાજ્ય અંગ બની જાય તો જ, તેનું નિર્ધારિત લક્ષ્ય સિદ્ધ થાય. — યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# મોરલી વાગે જીવન જાગે

ડો. પ્રકાશ ગજ્જર

"મન મારું મોહ્યું રે, મોરલીમાં,
એવું તે શું જોયું રે, મોરલીમાં."

એક દાયકાઓ જૂના ગીતનો માત્ર આરંભ જ મને યાદ છે. પણ અસંખ્ય દિવસો એવા ગયા હશે જ્યારે સવારમાં આ શબ્દોની ધૂન ઊગે ને આખોય સમય એ દિલના તારને રણઝણાવ્યા કરે. આ સુંદર ગોપીગીત કોણે લખ્યું હશે એની તો મને સ્મૃતિ નથી. પણ એમાં મારું મન મોહ્યું તે મોહ્યું. એમાં શું જોયું, એની મોરલીને ખબર, ગોપીને ખબર, કવિને ખબર.

આ મોરલીગીત ગૂંજ્યા કરે ને અનેક અર્થો પણ હૈયામાં લહેરાતા જાય. મને થાય કે પ્રાર્થના સ્વયં આપણી મોરલી છે ને કૃપા એ પ્રભુની મોરલી છે. આ બે મોરલીનો સંવાદ જાગે ત્યારે કશુંક અવર્ણનીય બનવા લાગે.

પ્રાર્થના! મારો પ્રાણ, મારા જીવનનું જીવન, મારો આધાર, મારી દીવાદાંડી, મારી ટેકણલાકડી. એક પ્રાર્થના કરીને આપણે આગળ ચાલીશું?

"હે પરમાત્મા! મારા જીવનપથમાં આવતી પ્રત્યેક વસ્તુ, વ્યક્તિ અને પરિસ્થિતિને તેના વાસ્તવિક સ્વરૂપમાં સમજીને તેનું પૂરા સદ્ભાવથી સ્વાગત કરી શકું એવી બુદ્ધિ અને સદ્વૃત્તિ મને આપો."

"મારે કરવાનાં કામ હું પૂરી કુશળતા અને નિષ્ઠાથી કરું, મારી તમામ શક્તિઓને હું એમાં નિયોજિત કરું, વિષમ



સંજોગોમાં ખંતપૂર્વક એ કામગીરીને વળગેલો રહું એવું નિશ્ચય-બળ આપ."

"આજ મારે જે કોઇ માણસને મળવાનું બને તેની સાથે નમ્રતાપૂર્વક, સદ્ભાવનાપૂર્વક વ્યવહાર કરું, ને કોઇ સંજોગે કોઇ અણગમતો વ્યવહાર કરનારો માણસ આવી જાય તોય એને પણ પ્રેમપૂર્વક સંભાળી લઉં એટલી સમજણ અને ઉદારતા આપ."

"કોઇ અવરોધ આવે, કોઇ સંજોગે મારો વિરોધ થાય, કોઇ ગેરસમજણ કરે, મને નિષ્ફળતા મળે, હતાશાનો અનુભવ થાય, ત્યારે પણ હું ખૂબ જ શાન્તિ જાળવું, ગુસ્સે ના થાઉં ને અધીરો ના બનું એવી શક્તિ આપ."

"કોઇ મારી પ્રશંસા કરે ત્યારે અહંતા વધાર્યા વગર વિનમ્રતાપૂર્વક એ સાંભળું ને વધારે સારો થવાનો પ્રયાસ કરું. અને કોઇ મારી નિન્દા કરે અથવા સાવ અણઘટતી માગણી કરે ત્યારે ગુસ્સે થવાને બદલે શાન્તિ જાળવી વચ્ચેનો માર્ગ કાઢું."

"આજ આખાય દિવસ દરમિયાન ગમે એવા સંજોગોમાં પણ હું શાન્તિમાંથી વિચલિત ના થાઉં, વચ્ચે વચ્ચે તને યાદ કરતો રહું, એવી કૃપા મારા ઉપર કર. પરમાત્મા? આજે, અત્યારે હું તારી પાસેથી આટલા વરદાનની ભેટ માગું છું. એ આપીને મને ધન્ય બનાવ."

તમે નોંધ્યું હશે કે આમાં કોઇ ગંભીર માગણીઓ નથી, 'પુણ્યશાળી બનાવજે ને પાપમાંથી મુક્ત રાખજે' એવી કાક-લૂદી નથી. આપણા ચીલાચાલુ ભજનોમાં સંસારસાગરમાંથી તારવા માટેની ને મનના પંજામાથી કે માયામાંથી બચાવવાની જે કાકલૂદીઓ આવે છે એનો પણ અભાવ છે. કોઇને વળી

એમ પણ લાગવાનો સંભવ છે કે આને તે કાંઈ પ્રાર્થના કહેવાય?

'આને જ' પ્રાર્થના કહેવાય એમ કહેવું તો વધારે પડતું ગણાય. તોય 'આને પણ' પ્રાર્થના ગણવામાં વાંધો નથી. માયા-માંથી મુક્ત ખરેખર કોને થવું છે? મનને દુશ્મન ગણાવનારા એના આંટાફેરામાંથી બહાર આવવા માગતા હોય એવું લાગતું નથી. તો પછી આજના તબક્કે અશક્ય ગણાય એવા કલ્પનોડ્ડયન કરવાને બદલે 'આજ'નો દિવસ સુમેળવાળો થાય ને આપણી શાન્તિની જાળવણી સાથે કાર્યક્ષમતામાં ને જીવનના ખરા આનંદમાં વધારો થાય એવી માગણી મૂકવામાં ખોટું શું છે?

પરમાત્માને હું એક જાદુગર પણ સમજું છું. એનો જાદુઈ કોથળો આકાશ કરતાંય મોટો છે. એમાં અનેક બ્રહ્માંડો સમાઈ જાય. આ ધરતી ઉપર જેટલા રજકણ છે એના કરતાં અનેક-ગણા વધારે જાદુપ્રયોગો ને ચમત્કારો પરમાત્માએ પોતાના એ કોથળામાં મૂકેલા છે. આવા વિરાટ જાદુગરને, આવા અખિલ બ્રહ્માંડના સ્વામીને આપણે પ્રાર્થના કરીએ પછી બાકી શું રહે? નિરાશાવાદીઓ ને નાસ્તિકોને જવાબ આપવા આપણે બંધા-યેલા નથી.

પરમાત્મા આપણો શરાફ પણ છે. અરે ભઈ, 'શરાફ' શબ્દ વિચિત્ર લાગતો હોય તો નરસૈયાનો હવાલો આપીને એને 'શામળિયો શેઠ' કહીએ તો ચાલશે? હું મિત્રોને વારંવાર કહેતો હોઉં છું કે "જગતમાં બે નરસૈયા. એક સાચો. ને ખોટો નરસૈયો જોવો હોય તો તમારી સામે ઊભો છું!" હું જ્યારે ગાઉં કે, "મારી હૂંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગિરધારી." ત્યારે ભાન ભૂલી જવાય છે. કઈ હૂંડી એની ખબર નથી. પણ શામળિયા શેઠનો થોડોક અણસાર છે.



બ્રહ્મલીન શ્રી 'પુનિત' મહારાજ જ્યારે જીવતા હતા ત્યારે અમદાવાદના રાયપુર ચકલામાં કે સારંગપુર ચોકઠામાં એમના ભજન હોય ત્યારે હું પણ મંજીરાં વગાડવા પહોંચી જતો. એ ભજન, એ ભાવ, એ વાતાવરણ અવર્ણનીય. મારો ભાવ પિંડ ત્યાં પણ ઘડાયો. એના પડઘા ભૂલાતા નથી, ભૂલવાય નથી.

એમનું એક જાણીતું ભજન છે : "મારો શામળિયો શિરતાજ... શિર પણ ગાજતો રહે છે." આજે મારે બેપાંચ ભજન જ ગાવાનાં હોય તો એમાં આ ભજનનો સમાવેશ હું ખાસ કરું જ. અરે, એક ઉપરની પંક્તિ જ ગૂંજ્યા કરીએ તોય શિર ઉપર ગાજનારા એ પરમ શક્તિમાનના પડઘા દિગંતને ડોલાવવા માંડે.

ભજનની બીજી પંક્તિ મને એ વખત કરતાંય આજે વધારે ગમે છે. "જેણે મૂકી લાજ તેને નાનું સરખું રાજ છે... મારા રાજતણો મહારાજ, શિર પર ગાજતો રહે છે." લગામ એને સોંપવાની, આપણી નાનકડી ઝૂંપડીનો સમ્રાટ એને બનાવવા-નો. પછી એ કેવા ચમત્કાર સર્જે છે એ જાતે અનુભવવાનું.

સાત્ત્વિક રીતે ગાવું હોય તો એમ ગાઈ શકાય કે "જેણે સોંપી લાજ, તેને નાનું સરખું રાજ છે..." પહેલાં શબ્દફેરે 'સોંપી'ને દિનોદુનિયાની પરવા કર્યા વગર, લોકોના અભિપ્રાયને તડકે મૂકીને જીવવાનો આનંદ અનેરો છે. ખુવારી છો આવે, ખુમારી ના છોડાય.

લાજ ના મૂકાય એ તો સમજ્યા. પણ પેલા સર્વેશ્વરને બધું સોંપી દેવામાં વાંધો શો? લાય જેવા લાગતા પાણીમાં હું જરા બરફ નાંખવાનો પ્રયાસ કરી રહ્યો છું. પણ ખરેખર તો એવી કોઈ આવશ્યકતા જ નથી. બહુ ગવાયેલું પણ ભાગ્યે જ અમલમાં મૂકાતું ભજન યાદ કરાવું?

"અબ સૌંપ દિયા ઈસ જીવનકા, સબ ભાર તુમ્હારે હાથોંમેં,
હૈ જીત તુમ્હારે હાથોંમેં, ઔર હાર તુમ્હારે હાથોંમેં."

એવી પૂરેપૂરી સોંપણી ક્યાં થાય છે? જીવનની દોરી પ્રભુના હાથમાં સોંપ્યા પછી પણ એનો એક છેડો તો પૂરી તાકાતથી હાથમાં પકડી રખાતો હોય છે, તેનું શું? લાજ સોંપવાની, ભાર સોંપવાનો ને એ પણ પૂરેપૂરો જ, તો જામે.

એક ભજન હું વારંવાર ગાઉં છું. સાચું કહું તો આખું ભજન મને આવડતું જ નથી. પણ બે લીટીઓ મારું સિંહાસન બની ગઈ છે.

"મારે માથે હજાર હાથવાળો, અખંડ મારી રક્ષા કરે,
નાથ શ્રદ્ધાનાં પારખાં લેતો, ને તોય શક્તિ આપ્યા કરે."

શબ્દોમાં ડાબુંજમણું થયું હોય તો માફ કરજો. પણ આપણી વિખરાતી ધીરજને, ને તૂટતી હિમ્મતને નવું બળ આપવામાં આ શબ્દો જાદુઈ લકડીનું કામ કરે એવા છે.

● "મારા માથે." [પગમાં નહીં જ!] આના, પેલાના, સંસારના એમ કોઈના માથેની આ વાત નથી. 'મારે માથે.' ગાતાં ગાતાં એવો સઘન અનુભવ થવો જોઈએ કે જાણે પ્રભુનો વરદ હસ્ત ખરેખર આપણા માથે છે ને છે.

● "હજાર હાથવાળો" ના. હજાર નહીં, અસંખ્ય હાથ-વાળો. ને એ પ્રત્યેક હાથ અણમૂલ ખજાના ને અસીમ આશિષથી છલકાઈ રહ્યો છે. ગાઓ જ નહીં, અનુભવો. મન—હૃદયના અણુએ અણુમાં એ આશિષધારાઓ નીતરી રહી છે એમ કલ્પો.

● "અખંડ" : આ લીટીઓ પૂરી થાય એટલે પ્રભુની અમીધારાની વર્ષા બંધ થઈ જશે એવું નથી. એની વર્ષા તો



અખંડ, સતત કોઈ પણ સંજોગોમાં એમાં જરાય ફેર ના પડે. એને ત્યાં કોઈ ખોટ નથી. એના ધોધ કદી બંધ થાય નહીં.

● "મારી રક્ષા કરે." ઈશ્વર છે આપણો સંરક્ષક, સબળ. સાથે પરમ મિત્ર. આભલા જેટલી ઢાલ. પ્રભુની એક એક આંગળીનું ટેરવું કરોડો બ્રહ્માંડોનું સર્જન ને સુરક્ષા કરે. એનો ટેકો ને બલ આપણી સાથે હોય, પછી ચિંતા શાની?

● 'નાથ.' એક પુરાતન પંથના શાસ્ત્રમાં ખુદ પ્રભુના મોંમાં શબ્દો મૂકાયા છે કે "તમારાં બાળકો ભોજન માગે તો તમે શું એમને પથરો આપશો?" સમજણહારા? સમજી લેજો. વિચારના વાણોતરો! આ અણમૂલ જ્ઞાનને ગાંઠે બાંધજો. વાતોનાં વડાંમાં રહી ના જતા.

● 'શ્રદ્ધાનાં પારખાં લેતો.' સાચું કહું તો આ મને નથી સમજાયું. પરમ પિતા, પરમ સ્વામી, પરમ સંરક્ષક થઈને પાછો શ્રદ્ધાના પારખા લે શું કામ? એની મરજી! બીજું શું? એનો અધિકાર એ બજાવે ને આપણી ફરજ આપણે બજાવવી. રસ્તો નથી બીજો!

● 'ને તોય.' હાં, યે કુછ બાત હુઈ! પારખાં લે છે ખરો, પણ આપણને તોડી નાંખતો નથી. ક્યારેક સળગાવે પણ! પણ બાળીને ભસ્મ ના કરી નાંખે. સંભવ છે કે બધું કાચું સોનું ગાળી નાંખીને આપણને એ સો ટચનું કંચન બનાવવા માગતો હોય.

● 'શક્તિ આપ્યા કરે.' એ મુદ્દો મહત્ત્વનો છે. શક્તિ આપે, આપે ને આપે જ. મારી પાસે, આત્મહત્યા કરવાની ઈચ્છાવાળાઓ ઘણા બધા આવે. એમને હું એમ જ કહું કે દોરડાનો છેડો આવી ગયો લાગે તોય હતાશ ના થવું. ઓટ પૂરી થતાં ભરતી આવે ને આવે.

મારે આખા ભજનનું વાર્તિક નથી લખવું. એ મારું કામ પણ નથી. આપણે તો પ્રાર્થના વિષે, શ્રદ્ધા વિષે, ઈશ્વરની વળતી કૃપાકરુણા અને અસીમ શક્તિ વિષે વાતો કરવી છે. કોઇ પણ સંજોગોમાં નિરાશ ના થવું, શ્રદ્ધાને સાવ નિર્મૂળ ના થવા દેવી, એ વાતને મનમાં બરાબર ઉતારી લેવી છે.

પ્રભુએ આપણને બીજું કશું જ ના આપ્યું હોત ને એક પ્રાર્થનાને સમજવાની વૃત્તિ આપી હોત તોય મોટું કામ થઇ જાત. બે ઘડી માનો કે હમણાં એવી વૃત્તિ આપણામાં જગાડવા-ની એને નવરાશ નથી. તો એ કામ જાતે જ કરતાં આપણને રોકે છે કોણ? ભઇ, અપના હાથ જગન્નાથ!

એક સંતે પ્રાર્થનાને 'મનુષ્યની, દૈનિક જીવનમાં ઈશ્વરની હાજરી માટેની ભૂખ' તરીકે ઓળખાવી છે. આરંભમાં આપણે જે પ્રાર્થના જોઇ એ એવી પ્રાર્થનાનો એક નમૂનો છે. રોજેરોજ આપણને નવા પરિચયો ના થાય તો એની એ જ બેચાર વ્યક્તિઓ સાથે તો આપણો સંપર્ક રહેવાનો જ. છેવટે પરિ-વારજનો તો ખરા ને? અને વિરાટ નહીં તો સામાન્ય ઘટનાઓ અને સંજોગોની ખોટ આપણને છે જ ક્યાં? આપણે એ બધા તરફ સદ્ભાવદૃષ્ટિ રાખવાની છે, કેળવવાની છે, વધારવાની છે. પોતાના કામ કુશળતાથી ને નિષ્ઠાથી થાય, એવું માગવું પડે એવો વિચિત્ર કાળમાં આપણે જીવી રહ્યા છીએ. ખંત, ધીરજ, ક્ષમાશીલતા, ઉદારતા એ પ્રાર્થવાયોગ્ય ગુણો છે.

તો પ્રાર્થના આપણા દૈનિક જીવનમાં ઈશ્વરના પ્રાગટ્ય માટેનો પોકાર છે. એ મોરપિચ્છ અને મોરલી સાથે પ્રગટીને આપણે બારણે ટકોરા મારે એવું અપેક્ષિત નથી. હમણાં તો નહીં જ. એ ક્રમશઃ પ્રગટે એ આપણા હિતમાં છે?



પ્રાર્થના દિવ્યતા માટેની પ્યાસ છે જે આપણને વધારે ને વધારે ઊંચે જવા પ્રેરે છે, જે આપણી દૃષ્ટિને ઉત્તરોત્તર વધારે વિશાળ બનાવે છે. આજ આપણે જે જીવન જીવીએ છીએ એમાં વાતો વધારે, ને સત્ત્વ ઓછું છે. જડતાની ભેખડો વચ્ચે દિવ્યતા ચત્તીપાટ થઇ ગઇ છે. એનો એક અંશ, અરે એક ઝલક પણ મળે એય ધન્યતા. એ માટે પણ પ્રાર્થના કેમ ના કરીએ?

બે હજાર વર્ષ પહેલાં થઇ ગયેલા એક રાજવીસંતની પ્રાર્થના મને યાદ આવે છે : "હે પરમાત્મા! તું મારો છે. હું તારો છું. મારા રોજિન્દા જીવનમાં વિવિધ રૂપે તું પ્રગટતો રહે, એમ હું તીવ્રતાથી ઝંખું છું. સેંકડો વર્ષોથી ધખતું રહેલું રણ જેમ વરસાદને ઝંખે એમ હું તારી રાહ જોઉં છું." કોઇનીય પ્રાર્થના-માં સુધારો કરવાનો કોઇને અધિકાર નથી. જે તે પ્રાર્થનાનો ભાવ અને કક્ષાને આત્મસાત્ કર્યા પછી જ સૂચન કરવાનું જોખમ લઇ શકાય. એ પળોજણમાં પડવાને બદલે આપણે આવી પ્રાર્થનાઓનો એકાદ અંશ પણ પોતાનો બનાવી લઇએ તો મોટું કામ થઇ જાય. એમ એક એક પગથિયું ચઢતાં ચઢતાં આપણે ઘણી ઊંચાઇએ પહોંચી શકીશું.

આ જ રાજવીએ પોતાના મિત્રોને કહ્યું હતું : "પરમાત્મા જ છે આપણો સંરક્ષક. એ આપણને રણમાં રઝળતા નહીં મૂકે." બસ, આ સધિયારાને આપણે પોતાનો બનાવી લેવાનો છે. પ્રભુ આપણને દોરશે, આપણો સહપ્રવાસી બનશે, સુરક્ષા કરશે, આપણને રઝળતા નહીં જ મૂકે. આપણે એને જીવનમાં, હૃદયમંદિરમાં નિમંત્રણ આપીએ. એને નડીએ નહીં! એને પોતાનું કામ કરવા દઇએ.

પ્રાર્થના એ માટેનો ઉત્તમ પ્રારંભ છે. ●

પૂજ્ય યોગેશ્વરજીદ્વારા રચાયેલ

# રામચરિત માનસનું રસદર્શન—(૭)

(નવેમ્બર—૦૫નું અનુસંધાન) સંકલન : **નિર્ભયરામ કા. વૈષ્ણવ**

મનુ મહારાજ અને શતરૂપાને સંતુષ્ટ કરી પ્રભુ અંતર્ધ્યાન થયા. રાજા—રાણીએ આશ્રમમાં રહીને જ પોતાનું જીવન પૂર્ણ કર્યું.

ભરદ્વાજજીને યાજ્ઞવલ્ક્યજી મુનિ પ્રભુ શ્રીરામના અવતાર માટેની શિવજીએ પાર્વતીજીને કહેલી કથાનું અનુસંધાન કરી કૈકય દેશના સત્યકેતુ રાજાની પેઢીના પ્રતાપભાનુ નામના પુત્રની કીર્તિ અને તેમને મળેલા શાપની વાત કરે છે.

"પ્રતાપભાનુના રાજ્યમાં ક્યાંય પાપનું નામ જ ન રહ્યું. તેનો ભાઇ અરિમર્દન અને બુદ્ધિમાન સચિવ ધર્મરુચિએ મળી સારી કીર્તિ પ્રાપ્ત કરી. છેલ્લે દિગ્વિજય માટે કેટલાક રાજાઓ સાથે યુદ્ધ કરવું પડ્યું. આ યુદ્ધમાં હારેલા એક રાજા પ્રતાપ-ભાનુએ તક મળી જતાં તેનો બદલો લેવા કાવતરું કર્યું. પોતે એક તનું મુનિ છે. અને પૃથ્વી પર યુગોથી રહે છે. અમરત્વ મેળવવા રાજાને લલચાવી બ્રાહ્મણોને માંસ ખવરાવી શાપ અપાવવા તત્પર બને છે.

આ પ્રયત્નથી તેઓ બ્રાહ્મણોદ્વારા શાપિત બને છે."

પૂજ્ય યોગેશ્વરજીએ આ કથા કહેવાને બદલે તેનો રાક્ષસ તરીકે જન્મ થયો તેમ કહી કથા આગળ વધારે છે.

પૂર્વ જન્મમાં રાજવી પ્રતાપભાનુ મહાન,
જન્મ્યો રાવણ નામથી કર્મે અસુર સમાન.



નૃપનો નાનો ભાઇ જે અરિમર્દન નામે,
કુંભકર્ણ બળવાન બન્યો તે નવા ઠામે.
મંત્રી એનો ધર્મરુચિ, વિભીષણ થયો તે,
વિષ્ણુભક્ત વિજ્ઞાનનો ભંડાર હતો એ.

આ ત્રણ બંધુઓએ મોટા થઇ પુલસ્ત્ય મુનિના ઋષિકુળને છાજે તેવું તપ કર્યું. બ્રહ્માજી પ્રસન્ન થયા.

ત્રણે બંધુઓએ કીધાં તપ, થાય એમનું ના વર્ણન;
તીવ્ર તપને પેખી બ્રહ્મા, તેમની પાસે પહોંચ્યા વર દેવા.

ત્યારે રાવણે માંગતા કહ્યું :

જગદીશ સુણો અરજી તો, મારું મૃત્યુ કદી પણ જો હો;
મરું માનવ—વાનર છોડી, બીજી જાતિ થકી નહિ કો'દિ.

બ્રહ્માજીએ તેને તથાસ્તુ કહ્યું : આ પછી કુંભકર્ણને જોઇ બ્રહ્માજી વિચારવા લાગ્યા; જો આ નિત્ય ભોજન કરતો રહેશે તો પૃથ્વીમાં ખાદ્ય ચીજોની તંગી વર્તાવી દેશે. આથી તેમણે શારદાદેવી મારફત તેને પ્રેરણા કરાવી ઈન્દ્રાસન ને બદલે નિંદ્રાસન મંગાવી દીધું.

ગુરુજી વર્ણન કરે છે કે :

માગી છ મહિનાની નીંદ, કુંભકર્ણે બની મતિમંદ;
પછી વિભીષણે માંગ્યું, પ્રભુચરણ મહીં અનુરાગ.

તપના પ્રતાપે વરદાન મળ્યાના આનંદ સાથે ત્રણેય ઘેર આવ્યા.

ત્યારપછી રાવણના મયદાનવ નામના રાક્ષસની અતિ સુંદર શીલવંતી કન્યા મંદોદરી સાથે લગ્ન થયાં. તે પછી તેના બંને ભાઇના પણ યોગ્ય સ્થળે લગ્ન થઇ ગયાં.

મયદાનવને સમુદ્ર વચ્ચે આવેલ એક પર્વત પર વસેલી સુવર્ણ નગરી ધ્યાનમાં હતી તેના પર બળિયા રાવણને ચડાઈ કરવા મોકલી કુબેરને હરાવી લંકાનગરી પર કબજો જમાવી દીધો. કુબેરને જીવ બચાવી નાસી જવું પડ્યું.

યોગેશ્વરજી અહીં રાવણની મતિ ફર્યાની નોંધ લે છે :

નગર આ રાવણે ગર્વ થકી જોયું,
સુખાનુભવ કરતાં પરમ ભાન બધું ખોયું.

તેની બુદ્ધિ જ્ઞાનવાળી હતી તેમાં આ વર્તનને કારણે પરિવર્તન થઈ ગયું. તેણે કુબેરને હરાવી તેનું પુષ્પક વિમાન ખૂંચવી લીધું. પછી આ નગરી રાક્ષસોની નગરી બની ગઈ.

રાવણમાં બળ વિપુલ હતું. તેણે પોતાના બળની ખાત્રી કરવા એક વખત કૈલાસ પર્વત ઊંચક્યો. રમત—રમતમાં જ પર્વત ઉપડી જવાથી તેનામાં ખૂબ મદ વ્યાપી ગયો.

મદમાં મદોન્મત્ત બનેલા રાવણે પછી તો અધમ કૃત્યો કરવામાં પાછું વાળી ન જોયું.

રાક્ષસોને આજ્ઞા કરી કે જ્યાં જ્યાં તમે યજ્ઞ થતાં જુઓ ત્યાં તમે યજ્ઞોનો વિધ્વંસ કરો અને યજ્ઞમાં ભાગ લેનારા પર પણ ત્રાસ વરસાવી દ્યો.

પોતાના પુત્ર મેઘનાદને પણ દેવતાઓ સાથે લડાઈ કરવા મોકલ્યો. મેઘનાદે દેવતાઓ પર હલ્લો કરી તેમને સૌને બંદીવાન બનાવી પિતાજી સમક્ષ હાજર કરી દીધા.

આ ત્રાસવાદથી તેણે સમસ્ત વિશ્વપર પોતાનું આધિપત્ય જમાવી દીધું.

યોગેશ્વરજીએ તેનું વર્ણન આ રીતે કર્યું :

બાહુબળે જગ વશ કર્યું, રહ્યું ન કોઈ સ્વતંત્ર;
સમ્રાટ બન્યો રાજવી સૌ કરતાં પરતંત્ર.



દેવ યક્ષ ગંધર્વ નર કિન્નર નાગકુમારી;
જીતી બાહુબળે વર્યો અન્ય સુંદરી નારી.

રાવણના ત્રાસે માઝા મૂકી. અનીતિ અને હિંસાનો વ્યાપ વધી ગયો. પૃથ્વી માતા પણ ત્રાહિમામ્ પોકારી ઊઠી.

હાનિ ધર્મ કેરી જોઈ, પૃથ્વી આર્ત બની રોઈ;
સરિતા સાગર પર્વતમાળ, ઉપાડતી એ સૌનો ભાર.

ગાયનું રૂપ ધરી પૃથ્વીમાતાએ સૌ મુનિજનોને પોતાના વિતક સંભળાવ્યાં.

દેવતાઓ તો રાવણના બંદીખાને પડ્યા હતા, આથી મુનિઓ—ગંધર્વો, પૃથ્વી માતા સાથે બ્રહ્મલોકમાં ગયા. બ્રહ્માજી પાસે જઈ સઘળી રજૂઆત કરી.

આ સમયે શિવજી બ્રહ્માજી પાસે આવ્યા. તેમણે સૌને ધરપત આપી.

આ પ્રસંગે બ્રહ્માજીએ કરેલી પ્રાર્થના, જય જય સુરનાયક, જનસુખદાયક, પ્રનતપાલ ભગવંતા—તુલસીદાસજીની આ પ્રાર્થના પૂજ્ય યોગેશ્વરજીએ પણ ખૂબ ભાવથી રચી છે તેના થોડા અંશો જોવાથી તેની ખાત્રી થાય છે.

આ રહ્યા તે થોડા અંશો :

જય જય અવિનાશી, ઘર ઘર વાસી, વ્યાપક પરમાનંદ,
ઇન્દ્રિયાતીત, અગમ, અવિચળ હે સુરનર સંતન વંદ્ય.
માયાથી પર હે મુક્તિપ્રદાયક, ચરિત્ર દિવ્ય તમારાં,
સંપૂર્ણ સચ્ચિદાનંદ તમોને વંદન લક્ષ અમારાં...

પ્રાર્થનાનો અંત ભાગ જોઈએ :

દેવો ને પૃથ્વી તણો ભય સઘળો જાણી;
પ્રેમ—પ્રાર્થનાને સુણી દિવ્ય થઈ વાણી.

ભયને ત્યાગો સિદ્ધમુનિ તથા દેવ સઘળા;
પ્રાર્થના સુણી પ્રેમથી તારી આર્ત ધરા.
માનવરૂપે અંશસહ સૂર્યવંશમાં હું;
પ્રગટ બનીશ, ને હરીશ દુઃખદર્દ સઘળું.

પ્રાર્થના પછી કથાનો દોર આગળ વધે છે. યોગેશ્વરજી વર્ણવે છે :

તીવ્ર તપ કર્યું કશ્યપ મુનિએ પત્ની સહિત પ્રશાંત અરણે,
દશરથ ને કૌશલ્યરૂપ ધારી પ્રગટ્યા તે બહુલ્પ ધરણીને.
પૃથ્વી નિર્ભય ગઈ બની, સમી જ્વાળા સૌ પ્રાણ તણી;
શ્રદ્ધા અંતરમાં જાગી, સિતાર આશાની વાગી.

અંતર્યામી કહે છે, હું દશરથ ઘેર જન્મ લઈશ, લક્ષ્મીજી પણ મારી પરમશક્તિ તરીકે સાથે જ રહેશે. ભાઈઓ સહિત અમે તમને નિર્ભય બનાવશું.

પ્રભુ અવતરશે પણ રાવણે વરદાન માગી લીધું છે કે, હું મનુષ્ય અને વાનર સિવાય કોઈથી ન મરું. આ માટે બ્રહ્માએ દેવતાઓને આજ્ઞા કરી :

પૃથ્વી પર પ્રગટો તમે વાનર તન ધારી,
સેવા શ્રી હરિની, કરો ભક્તિથી ભારી.

બ્રહ્માજીની આજ્ઞા થયા પછી :

કર્યો વિશેષ વિલંબ નહીં, વિશ્વાસ લઈ હૃદય મહીં,
વાનરદેહ ધરી જન્મ્યા મંડિત કરી પ્રસન્ન મહી.

★ ★ ★

અવધ નગરીમાં દશરથજીએ રાજા બનીને જનહિતના મંગળ કાર્યો હાથ ધર્યાં છે.

અનેક વર્ષો વીતવા છતાં તેમને સંતાન પ્રાપ્તિ થઈ નથી આથી એક વખત તેમણે આ માટે વસિષ્ઠ મુનિને પ્રાર્થના કરી.



કહ્યું વસિષ્ઠે એમને સમજાવી સપ્રેમ,
જ્ઞાની છો તો પણ તમે તજો ધૈર્યને કેમ;
ધીરજને ધારણ કરો થોડા દિવસ તમે,
તે જ થાય છે જે સદા ગમતું શ્રી પ્રભુને.
ત્રિભુવનમાં વિખ્યાત ને ભક્તન ભય હરનાર,
ચાર પુત્ર તમને થશે શાંતિ પરમ ધરનાર.

શૃંગી ઋષિ પાસે પછી પુત્રેષ્ટિ યજ્ઞ કરાવવામાં આવ્યો. યજ્ઞનું હવિષાન્ન મુનિની આજ્ઞા મુજબ ચારેય રાણીઓને અર્પિત કરાયું. આ પછી ગર્ભધારણ થવાથી અવધ નગરીને શુભ સમાચાર સાંપડ્યા. (ક્રમશઃ)

જ્ઞાન એટલે કેવળ વાંચન, મનન, ચિંતન કે સંભાષણ નથી. પ્રવચન નથી. વાદવિવાદ કે ઊંડો અભ્યાસ પણ નથી. એ તો જીવન છે. તેની સાથેનો મૂક અને પ્રશાંત પ્રેમાલાપ છે.

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૮૨૪૭૦૪૦૯૭

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

## પૂ. શ્રી યોગેશ્વરજીની અમૃતવાણી

# પુરુષોત્તમયોગ

**શ્રી યોગેશ્વરજી**

(પૂ. શ્રીએ ભારતીય દર્શનશાસ્ત્રોના અર્કને લોકભોગ્ય શૈલી-માં સાધકોનાં જીવનને કંડારવા ૧૯૮૪ પહેલાં પુરુષોત્તમયોગ, ધ્યાનયોગ, ભક્તિયોગ, ગીતા ઉપર પ્રવચનો આપેલાં. આ પ્રવચનોની ઓડિયો કેસેટો તૈયાર કરવામાં આવી છે. આ કેસેટમાં પૂ. શ્રીની જે વાણી સાંભળવા મળે છે તે પરમાત્માના અમૃતરસ સમી છે માટે 'પૂ. શ્રીની અમૃતવાણી' શૃંખલા શરૂ કરતાં આનંદ થાય છે. પ્રભુ સ્વરૂપે પધારેલા પૂ. યોગેશ્વરજીની અમૃતવાણી આજે પણ સાંપ્રત સમયમાં શીતળતા આપનારી ને ચિરંતન સાહિત્યને પુષ્ટિ આપનારી બની છે. **—તંત્રી**)

પણ આરંભમાં તો ઉપર જુએ છે. આપણા શાસ્ત્રોદ્વારા જુદા—જુદા લોકો બતાવ્યા તે પણ ઉપરની તરફ જ બતાવ્યા છે. ચંદ્રલોકમાં રોકેટ્સ ગયા તો ઉપર તરફ જ ગયા. મંગળ પર ઉતરાણ કરવા ગયા ત્યારે આપણા મૃત્યુ લોકથી ઉપર તરફ રોકેટ્સ સ્પેસ(અવકાશ)માં ગયા. ઉપર તરફ બધા 'લોક'ના વર્ણન બતાવ્યા છે. **ૐ ભૂઃ, ૐ ભૂવઃ, ૐ સ્વઃ, ૐ મહઃ, ૐ જનઃ, ૐ તપઃ, ૐ સત્યં** સાત લોકો. આ બધા **ઉત્તોત્તર** ઉપર જ કહ્યા છે. અને **સત્યં** સૌથી ઉપર છે જેને પરમાત્માનું પરમધામ કહેવામાં આવે છે. અથવા તો ભાગવતમાં વૈકુંઠ કહેવામાં આવ્યું. એવા 'લોકો' જે સર્વોત્તમ લોક પરમાત્માનો છે તે સૌથી ઉત્તરોત્તર ઉપર છે. પરમાત્મા સૌના મૂળ છે ને એટલા માટે સંસારના મૂળને ઉર્ધ્વ કહેવામાં આવ્યું. ઉપર મૂળ છે.



આપણા શરીરરૂપી વૃક્ષને જુઓ તો મૂળ નીચે આપણા અંગૂઠામાં નથી. મૂળ ચેતના છે જે આપણા શરીર સાથે સંકળાયેલી, સમગ્ર જે સમસ્ત શરીરને પ્રેરણા પ્રદાન કરે, શક્તિ પ્રદાન કરે, જે ચેતનાને લીધે આંખ જોવાનું કામ કરી શકે, કાન સાંભળવાનું કામ કરી શકે, વાણી બોલવાનું કામ કરી શકે, હાથ—પગ હલનચલનનું કામ કરી શકે, શ્વાસ—પ્રશ્વાસથી સંપન્ન બનીને શરીરને સંજીવન કરવાનું કાર્ય કરી શકે, જેના હોવાથી જીવન નામની વસ્તુ બને અને જેના ન હોવાથી મરણ નામની વસ્તુ તૈયાર થઇ જાય. તો આંખ જોઇ ના શકે, કાન સાંભળી ના શકે, વાણી બોલી ના શકે, હાથપગ હલનચલન કરી ના શકે, એ જે તત્ત્વ, ચેતના, પરમસત્ય, પરમસત્તા આપણા પંચમહાભૂતના શરીરમાં વિરાજમાન છે તે ચેતના અથવા તત્ત્વનું અધિષ્ઠાન આપણા શાસ્ત્રોએ હૃદયપ્રદેશ-માં કહ્યું છે.

શાસ્ત્રો આગળ વધીને મસ્તિષ્કની અંદર બ્રહ્મરંધ્ર ચક્ર છે ત્યાં પણ ચેતનાનો વાસ છે એમ કહે છે. અંગૂઠામાં વાસ છે એમ કોઇ કહેતું નથી. પગની આંગળીઓમાં વાસ છે એમ કોઇ કહેતું નથી. જો કે એ ચેતનાની અસર, એ ચેતનાનો પ્રભાવ પગના અંગૂઠા ને આંગળીઓ સુધી પડે છે. પરંતુ એનો વાસ ક્યાં? તો ઉપનિષદો કહે છે **હૃદિયેષઃ આત્મા.** આ આત્મા હૃદિ—હૃદયમાં છે. ગીતા કહે છે **'ईश्वर सर्वभूतानां हृद्देशे अर्जुन तिष्ठति।'** આ ઈશ્વર સર્વભૂતોના હૃદયપ્રદેશની અંદર છે. વળી ઉપનિષદો કહે છે **સદા જનાનાં હૃદયે સન્નિવિષ્ઠઃ** ઈશ્વર મનુષ્યોના હૃદયપ્રદેશમાં વિરાજમાન છે. હૃદયપ્રદેશ ઉર્ધ્વપ્રદેશ છે, ઉપર છે. નીચે તરફ નથી, ગુદા તરફ નથી. એટલે

આપણા જીવનનું મૂળ, આપણા શરીરનું મુખ્ય પ્રેરકબળ છે તે બળ ઉર્ધ્વમાં છે. આપણા શરીરરૂપી વૃક્ષનું મૂળ પણ ઉર્ધ્વ છે. અને નીચે બધે શાખાઓનું વિસ્તરણ છે. શિરાઓ, નાડીસમૂહ, અને ઇન્દ્રિયો આત્મતત્ત્વમાંથી પ્રેરણા પામીને નીચે તરફ વિસ્તરે છે, પોતાની પ્રવૃત્તિઓ અથવા તો વ્યાપારો કરે છે.

અનેક પ્રકારનું આ બ્રહ્માંડ, જેનું મૂળ પરમાત્માની અંદર, પરમાત્મા ઉર્ધ્વ લોકની અંદર, આખાય બ્રહ્માંડનું વિસ્તરણ નીચે, જુદી—જુદી શાખાઓ, જુદી—જુદી પ્રશાખાઓ, શાખાઓ, જુદા—જુદા દેશો ને માનવો, જુદા—જુદા પશુઓ, પક્ષીઓ, વનસ્પતિઓ. જેની કલ્પના કરી ન શકીએ તેવા માણસો, જનાવરો તથા પશુઓ આપણને જોવા મળે.

અમે પરદેશમાં—ઝાંબિયામાં ગયા હતા. લુસાકા તેનું પાટનગર. લુસાકા પાસે કાબ્વેનામનું એક નગર હતું. ત્યાં મને અતિથિ વિશેષ તરીકે બોલાવવામાં આવ્યો હતો. ઝાંબિયાના ૧૧ શહેરોમાં મારા પ્રવચનો ત્યાંના હિન્દુ એસોશિયેન તરફથી યોજવામાં આવ્યાં હતાં. અમે જ્યારે કાબ્વે નગરમાં હતા ત્યારે ત્યાંના ભાઇઓ મને એક સ્થાન જોવા લઇ ગયા હતા. ત્યાં સિંહ, વાઘ, મગરો, અજગરો, સાપ વગેરે જુદી—જુદી જાતના પ્રાણીઓ હતાં. આપણા દેશમાં પણ એવાં સ્થાનો ઘણાં છે. જેમાં ઘણાં પ્રાણીઓ આપણને દેખાય. પણ ત્યાં મેં એક વિચિત્રતા જોઇ. એવા સાપ જોયા કે જે વૃક્ષો પર લટકે. બહુ જ પાતળા સાપો. ત્યાંના લોકો કહેતા કે આ સાપ બહુ જ ઝેરવાળા હોય છે. તે કરડે તો માણસ તત્ક્ષણ મૃત્યુ પામે, બચતો નથી. એ સાપોને અમે જોયા. એને બતાવવાને માટે સંરક્ષક ૧૫૦ જેટલા સાપો જ્યાં હતા ત્યાં અંદર ચાલ્યો ગયો. પછી



પોતે પહેરેલા બૂટની એડીની મદદથી સાપને બહાર કાઢવા પ્રયત્ન કર્યો. સાણસા જેવા મોટા હથિયારથી પકડે ને પછાડે ત્યારે સાપ સામા પડે, રોષે ભરાય, કરડવા આવતા હોય તેમ સામા થઇ જાય. છતાં પણ એને ભય લાગે નહીં. એવા કેટલાય સાપોને બહાર કાઢે. વૃક્ષ ઉપરથી નીચે લાવે, નીચે પટકે. આમ જુદી—જુદી જાતના સાપ અમને બતાવવા પ્રયત્ન કરતો હતો. (ક્રમશઃ)

સાધનામાં સૂક્ષ્મ આહારની ઉપયોગિતા ઘણી છે. જે ભોજનની વધારે પડતી લાલસાથી ભરપૂર હોય એ આદર્શ સાધક ન બની શકે, કારણ કે સ્વાદેન્દ્રિયને સંયમમાં રાખવાની આવશ્યકતા છે.

—યોગેશ્વરજી

**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**

**મોબાઇલ : ૯૮૨૪૨૧૫૨૬૭**

**ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન**

**"સત્યવાન" તથા "ચંદન"**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨